# ત્રણ મહાન તકો

[ માનવજીવન, આર્યદેશ અને સત્સાધનની મહત્તા ]

卐

ધર્મબોધ

જ્ઞાન દર્શન ચારિત્ર

ગ્રંથમાળા

વડોદરા · ગુજરાત.

પુષ્પ : ૧ :

ધર્મબોધ ગ્રંથમાળા-પુષ્પ પહેલું.

# ત્રણ મહાન તકો

## [ માનવજીવન આદિની મહત્તા ]

: લેખક :

શ્રી ધીરજલાલ ટોકરસી શાહ.

卐

: પ્રકાશક :

શ્રી મુક્તિકમલ જૈન મોહનગ્રન્થમાળા.

કાર્યાધિકારી—લાલચંદ નંદલાલ શાહ

ઠે. રાવપુરા, ઘીકાંટા, વડફલીઆ-વડોદરા.

: પ્રકાશક :
મુક્તિકમલ જૈન મોહન ગ્રંથમાળા
રાવપુરા–વડોદરા.

આવૃત્તિ પહેલી.

પહેલી વાર

**દશ આના**

વિ. સં. ૨૦૦૭ અક્ષયતૃતીયા.

: મુદ્રક :
શા. ગુલાબચંદ લલ્લુભાઈ
શ્રી મહોદય પ્રી. પ્રેસ–ભાવનગર.

# આભાર

卐

શ્રી જયંત મેટલ વર્કસના માલિક કપડવંજનિવાસી ધર્મશ્રદ્ધાળુ, ઉદારચરિત, શ્રેષ્ઠિવર્ય, **શ્રીમાન્ શેઠ ચીમનલાલ ડાહ્યાભાઈએ** આ ગ્રન્થમાળાનું પ્રકાશન સસ્તું રાખવામાં જે ઉદાર આર્થિક સહાય આપી છે તે માટે તેમનો હાર્દિક આભાર માનીએ છીએ.

લી૦

**પ્રકાશક**

## ટૂંકા બોલ.

પૂજ્યપાદ પરમોપકારી સ્વ. આચાર્ય **શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી** મહારાજની હયાતિમાં પરમપૂજ્ય આચાર્ય **શ્રીમદ્ વિજયપ્રતાપસૂરીશ્વરજી** મહારાજ, પરમપૂજ્ય આચાર્ય **શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ તથા પૂજ્ય મુનિપ્રવર **શ્રી યશોવિજયજી** મહારાજે આજની ઊગતી પ્રજાના જીવનનું ધાર્મિક ઘડતર સુંદર અને આદર્શભૂત બને એ માટે નાની એક ગ્રન્થમાળા શરૂ કરાવવા સ્વપ્નું સેવેલું. વર્ષોજૂનાં તેઓશ્રીનાં સ્વપ્નાંને આજે મૂર્ત સ્વરૂપ મળતાં અમોને ઘણો જ આનંદ થાય છે.

**આ** ગ્રન્થમાળાનો ઉદ્દેશ જૈન ધર્મનાં ઉચ્ચ અને વિશ્વમાન્ય સિદ્ધાન્તો તેમજ પવિત્ર આચાર-વિચારોને લોકહિતાર્થે પ્રગટ કરવાનો છે.

**આ** ગ્રન્થમાળામાં કુલ ૨૦ પુસ્તકો પ્રગટ થશે અને બે વર્ષની આસપાસની મુદતમાં ગ્રાહકોને મળી જશે. એવી ધારણા છે.

**એ** ૨૦ પુસ્તકોનાં નામો કવર પેજ ચોથા ઉપર છાપવામાં આવ્યા છે. એનાં નામો જ એની ઉપયોગિતા પૂરવાર કરી આપે છે.

**આ** યોજનાની જાહેરાત ગત સાલના પર્યુષણ પર્વમાં ગોડીજીના ઉપાશ્રયમાં કરવામાં આવી હતી અને જનતાએ સહર્ષ વધાવી લીધી હતી.

**આ** પુસ્તક અભ્યન્તર અને બાહ્ય બન્ને રૂપે સુંદર છે. એટલે કે અમોએ નૈતિક તેમજ ધાર્મિક જીવનમાં પ્રવેશ કરનાર વાચકવર્ગને લક્ષ્યમાં રાખી ધર્મપ્રચારનું જે દૃષ્ટિબિન્દુ નક્કી કર્યું છે તેને અનુલક્ષીને આંકેલી મર્યાદાને વળગી રહી મૌલિક

સિદ્ધાન્તો સુંદર શૈલીમાં ને રોચક ભાષામાં રજૂ કરવામાં આવ્યા છે તેમજ તેને દાખલા, દલીલો ને દૃષ્ટાંતોથી પુષ્ટ બનાવવામાં આવ્યા હોવાથી ગ્રન્થનું આભ્યન્તર સ્વરૂપ આકર્ષક બન્યું હોય તેમ અમારો આત્મા સાક્ષી આપે છે.

તેવી જ રીતે સારા કાગળ, સુંદર છપાઈથી તેનું બાહ્ય સ્વરૂપ પણ મનોહર બનાવવા પ્રયાસ કર્યો છે.

**આ** ગ્રન્થમાળા ધાર્મિક બોધ અને સિદ્ધાન્તોને રજુ કરનાર હોવાથી તેનું '**ધર્મબોધ**' ગ્રન્થમાળા એવું નામ આપવામાં આવ્યું છે.

**પ્ર**કાશન વહેલી તકે બહાર પડે તેવો પ્રયાસ છતાં મુદ્રણ ને સંજોગોની અનિવાર્ય પરિસ્થિતિ અંગે જે વિલંબ થયો છે તે માટે ગ્રન્થમાલાના ગ્રાહકો ક્ષન્તવ્ય ગણશે.

હવે પછી પાંચ પુસ્તકોનો સટ તૈયાર થયે પહોંચાડવામાં આવશે. વર્તમાન વિકટ સંજોગોને કારણે કદાચ મોડું વ્હેલું બને તેમ છતાં બને તેટલી ઝડપે ગ્રાહકોને પુસ્તકો પહોંચી જાય તે માટે પૂરતો ખ્યાલ રખાશે.

**આ** પ્રયાસ યોગ્ય છે કે કેમ? તે તો જનતા અમારા પ્રયાસને કેટલો આવકારે છે તે ઉપરથી જાણી શકીશું.

**આ** પ્રથમ પુષ્પનું નામ '**ત્રણ મહાન તક**' છે. જાણીતા વિદ્વાન લેખક **શ્રીયુત ધીરજલાલ ટોકરસી શાહે** લોકભોગ્ય શૈલીમાં સુંદર રીતે તૈયાર કરી આપ્યું છે. આ ગ્રંથમાળા સાથે તેઓ આત્મીય રીતે જોડાયા છે.

**આ** ગ્રન્થમાળાના ૨૦ પુસ્તકોનું લવાજમ પ્રચારની ભાવનાથી મુંબઇ માટે રૂા. ૧૦ અને બહારગામ માટે રૂા. ૧૧ રાખેલું છે. સખ્ત મોંઘવારી ને તેની પાછળ થતા અન્ય ખર્ચાઓ જોતાં આ કીંમતે પુસ્તકો આપી ન શકાય, પરંતુ તેમાં પડનારી ખોટમાં ઉદારહૃદયી પુણ્યાત્માએ અમને ઘણો સુંદર આર્થિક સહકાર આપ્યો છે માટે તેમનો જુદો આભાર માનવામાં આવ્યો છે. તે ઉપરાંત લેખકનો, ગ્રન્થમાળા પ્રત્યે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જેમણે સહાનુભૂતિ દાખવી છે તે સહુનો અત્ર આભાર માનવામાં આવે છે. હંમેશા આવો સહકાર મલ્યા કરશે તેવી શુભાશા સાથે વિરમું છું.

**અન્તે** અજાણતાં જૈનધર્મના આશય વિરૂદ્ધ કંઇ છપાયું હોય તો તેની ક્ષમા માગવા સાથે ગુણગ્રાહી સુજ્ઞ વાચકોને અમારી ક્ષતિઓ સૂચવવા વિનમ્ર વિનંતિ છે.

**લાલચંદ**

---

## વિષયાનુક્રમ.

卐


| | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. તક પહેલી | મનુષ્ય ભવ | ૧ થી ૪૩ |
| ૨. તક બીજી | આર્ય દેશ | ૪૪ થી ૬૫ |
| ૩. તક ત્રીજી | સત્સાધન | ૬૬ થી ૮૦ |

॥ श्रीवीतरागाय नमः ॥

## तक पहेली

# મનુષ્ય ભવ

भवबीजाङ्कुरजनना, रागाद्याः क्षयमुपगता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥

ભાવાર્થઃ—જેના રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિક દોષો નાશ પામ્યા છે તે બ્રહ્મા હો, વિષ્ણુ હો, મહાદેવ હો કે જિન–તીર્થંકર હો, તેને મારો નમસ્કાર હો.

મનુષ્ય સિંહ કે વાઘ જેટલો બળવાન નથી, સાંઢ કે હાથી જેટલો કદાવર નથી અને ઊંટ કે જિરાફ જેટલો ઊંચો નથી. વળી તેનામાં ઘોડાનો વેગ નથી, હરણની ગતિ નથી કે વાનરની ચપળતા પણ નથી, તો પછી કયા કારણોએ તેને પશુ કરતાં શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે?

શું શિંગડાં ન હોવાં એ શ્રેષ્ઠતાનું લક્ષણ છે? જો એમ હોય તો હાથી, ઊંટ, ઘોડા, ગધેડા, સિંહ, વાઘ, રીંછ, ચિત્તા વગેરે પશુઓને શિંગડાં હોતાં નથી. શું પૂંછડી ન હોવી એ

શ્રેષ્ઠતાનો સિક્કો છે ? જો એમ હોય તો ચીંપાનીઝ અને ગોરીલા આદિ વાનરોને પૂંછડી હોતી નથી. ત્યારે શું મૂછ હોવી એ શ્રેષ્ઠતાનું પ્રતીક છે ? જો એમ હોય તો વાઘ, વરુ, સિંહ, બિલાડી વગેરે અનેક પશુઓ મૂછવાળાં હોય છે. અને જો દાઢી હોવી એ જ શ્રેષ્ઠતાનું નિશાન હોય તો બકરાંઓ બહુ સારી દાઢી ઉગાડી જાણે છે !

જો એમ કહેવામાં આવે કે પશુઓ નગ્ન હાલતમાં રખડે છે, તેથી તેઓ ઉતરતી કોટિનાં છે, તો કેટલાયે મનુષ્યો જંગલમાં વસ્ત્ર રહિત હાલતમાં જ વસે છે અને સંસ્કૃત સમાજમાં પણ બાળકો, નગ્ન મતવાદીઓ અને કેટલાક સાધુઓ વસ્ત્રથી તદ્દન રહિત હોય છે. અથવા એમ કહેવામાં આવે કે પશુઓ રાંધી શકતા નથી–રસોઇ કરીને જમી શકતા નથી, તો પૃથ્વીના પટ પર આજે કેટલીયે મનુષ્ય જાતિઓ એવી વસે છે કે જેઓ રાંધવાની કળા બિલકુલ જાણતી નથી અને માત્ર ફળ, ફૂલ કે શિકાર પર જ પોતાનું ગુજરાન ચલાવે છે.

'આહાર' એટલે ખાવુંપીવું, 'નિદ્રા' એટલે ઊંઘી જવું, 'ભય' એટલે બળવાનથી બીવું અને 'મૈથુન' એટલે વિષય-ચેષ્ટા કરવી, એ ચારે 'સંજ્ઞાઓ' પશુ અને મનુષ્યમાં સમાન હોય છે, તો પછી મનુષ્યમાં એવું કયું તત્ત્વ વિશિષ્ટ છે કે જેના લીધે તે પશુ કરતાં અનેકગુણો ચડિયાતો અથવા શ્રેષ્ઠ ગણાયો છે ?

## મનુષ્યની વિશિષ્ટતા

આ પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર એ છે કે 'વિચાર કરવાની શક્તિ' અથવા 'બુદ્ધિ' એ મનુષ્યની વિશિષ્ટતા છે. જેના

લીધે તે સારું-ખોટું જાણી શકે છે, હિત-અહિત સમજી શકે છે અને તેના આધારે સુખના ઉપાયો યોજી શકે છે. તેથી જ જે મનુષ્યો બુદ્ધિનો ઉપયોગ કરવામાં બેદરકાર રહે છે અથવા તેના દ્વારા ઉત્તમ ફલોની પ્રાપ્તિ કરતા નથી, તેમને પશુઓના જેવા ગણવામાં આવે છે. આ રહ્યા એક કવિના શબ્દોઃ—

" येषां न विद्या न तपो न दानं,
न चापि शीलं न गुणो न धर्मः ।
ते मृत्युलोके भुवि भारभूता-
मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥ "

" જેમણે [ બુદ્ધિની સંપત્તિ અથવા વિવેકની મૂડી હાજર હોવા છતાં ] વિદ્યાનું અધ્યયન કર્યું નથી, તપશ્ચરણને એક દિલથી આદર્યું નથી, ગરીબોને દાન દીધું નથી, શીલની આરાધના કરી નથી, ગુણનો સંચય કરવામાં ઉદારતાનો પરિચય આપ્યો નથી અને મહામંગલકારી એવા ધર્મનું આચરણ કર્યું નથી, તેઓ આ જગત્‌માં પૃથ્વીને ભારભૂત છે અને મનુષ્યના રૂપમાં પશુઓ તરીકે જ પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા છે."

બુદ્ધિનું ફલ પ્રપંચ અને દગલબાજી નથી, પણ તત્ત્વની વિચારણા છે. તે માટે એક અનુભવી પુરુષે ઠીક જ કહ્યું છે કે—

" बुद्धेः फलं तत्त्वविचारणं च,
देहस्य सारं व्रतधारणं च ।
अर्थस्य सारं किल पात्रदानं,
वाचः फलं प्रीतिकरं नराणाम् ॥ "

“ મનુષ્યોને બુદ્ધિ પ્રાપ્ત થઈ છે, તેનો ખરો ઉપયોગ તત્ત્વની વિચારણા છે; ઉત્તમ દેહ પ્રાપ્ત થયો છે, તેનો ખરો ઉપયોગ વ્રત-નિયમની ધારણા છે; વળી ધન મળ્યું છે, તેનો ખરો ઉપયોગ સુપાત્રને દાન છે અને વ્યવસ્થિત વાણી મળી છે, તેનો ખરો ઉપયોગ મનુષ્યોને પ્રીતિ ઉત્પન્ન થાય તે રીતનો તેનો વ્યવહાર છે. ”

## તત્ત્વવિચારણા

કોઈ પણ વસ્તુ, ક્રિયા કે ઘટના પરત્વે ઊંડાણથી વિચાર કરવો અને તેના પૂર્વાપર સંબંધો તપાસીને ચોક્કસ નિર્ણય પર આવવું, તે તત્ત્વવિચારણાનું રહસ્ય છે. બીજા શબ્દોમાં કહીએ તો આપણી સામે જે જે વસ્તુઓ ગોઠવાયેલી છે, જે જે ક્રિયાઓ બની રહી છે કે જે જે ઘટનાઓ ઉપસ્થિત થઈ રહી છે, તેના પર બુદ્ધિ દોડાવવી અને તેમાંથી યોગ્ય સાર તારવી કાઢવો એ તત્ત્વની વિચારણા છે. જો એવી વિચારણા ન થાય તો બુદ્ધિ મળી એ બેકાર છે અને મનુષ્યનો દેહ મળ્યો એ નિરર્થક છે.

તત્ત્વવિચારણાનો મુખ્ય હેતુ હિત અને અહિતનો નિર્ણય છે. અર્થાત્ મનુષ્ય-માત્રે તત્ત્વવિચારણાદ્વારા એ વાત શોધી કાઢવી આવશ્યક છે કે ‘ કઈ વસ્તુઓ મારે માટે હિતકર છે અને કઇ વસ્તુઓ મારા માટે અહિતકર છે. ’ આ વિષયમાં ‘ બે જાતનાં ફલો ’નું દૃષ્ટાંત સમજવા યોગ્ય છે.

## બે જાતનાં ફલો.

એક સથવારો ઘણા મુસાફરો સાથે એક જંગલમાંથી

પસાર થઈ રહ્યો હતો. તે જંગલ ઘણું વિકટ હતું, તેથી તેને પસાર કરવામાં ધાર્યા કરતાં વધારે દિવસો નીકળી ગયા. અને પાસેનું બધું ભાતું ખૂટી પડયું. હવે તે મુસાફરો ખાવાનું મેળવવાની ઇચ્છાથી આમતેમ ભટકવા લાગ્યા. તેઓ ઘણું ઘણું રખડ્યા પણ કાંઇ ખાવાનું મળ્યું નહિ. એવામાં અચાનક એક ફલવૃક્ષ તેમની નજરે પડયું. તેનાં ફલો રૂપે અને રંગે અતિ સોહામણાં હતાં, એટલે પહેલી નજરે જ આંખને ગમી જાય તેવાં હતાં. વળી ભૂખ પણ કકડીને લાગી હતી, તેથી મુસાફરો તેનાં ફલો લેવાને દોડયા.

આ વખતે સાર્થવાહ એટલે સથવારાનો નાયક જે ઘણો અનુભવી અને પીઢ હતો, તેણે કહ્યું: 'ભાઇઓ! થોભો. આ ફલો દેખાય છે સુંદર, પણ ખરેખર તેવાં નથી. તમે એનું ભક્ષણ કરશો કે તરત જ પ્રાણ નીકળી જશે. આ તો છે કિમ્પાક ફળ! આગળ એક વાર, આવા જ પ્રસંગે, કેટલાક માણસોએ આવાં ફલો ખાધાં હતાં, જેના પરિણામે તેઓ શીઘ્ર મૃત્યુ પામ્યા હતા.'

સાર્થવાહની આવી વાત સાંભળીને મુસાફરોએ તે ફલો ખાવાનો વિચાર છોડી દીધો અને બીજાં ફલોની તપાસ કરવા લાગ્યા. જ્યારે તેઓ ઘણું ઘણું રખડયા ત્યારે બીજું એક ફલવૃક્ષ જોવામાં આવ્યું. તેના પર કેટલાંક ફલો લટકતાં હતાં, પણ દેખાવમાં તે જરાય સુંદર ન હતાં, પરંતુ સાર્થવાહે એ જોઇને કહ્યું કે: 'ભાઇઓ! આપણે ખરેખરા ભાગ્યશાળી છીએ કે આવું સુંદર ફલોવાળું વૃક્ષ આપણને મળી આવ્યું. એનું નામ છે અમૃતફલ. જે એનું એક જ ફલ

ખાય છે, તેને દિવસો સુધી ભૂખ તરસ લાગતી નથી, માટે તમે એ ફલને તોડી લ્યો અને તેનું આનંદથી ભક્ષણ કરો. એમ કરવાથી આપણી ભૂખ ભાંગી જશે અને બાકી રહેલા જંગલને સહીસલામત પસાર કરી શકીશું.'

સાર્થવાહની સલાહ મુજબ મુસાફરોએ તે ફલો તોડી લીધાં અને ખાઇ જોયાં તો અમૃત સમાન મીઠાં જણાયાં. પછી કેટલાક વખતે તેઓ એ જંગલને સહીસલામત ઓળંગી ગયા.

કિંપાક ફલ દેખાવમાં સુંદર હતાં પણ પરિણામે નુકશાનકારી હતાં, તેથી અહિતકર ગણાયાં અને અમૃતફલ દેખાવમાં અસુંદર હતાં પણ પરિણામે લાભકારી હતાં, તેથી હિતકર લેખાયાં. તે મુજબ જે પ્રવૃત્તિનું છેવટ સારું હોય છે, તે હિતકર કહેવાય છે અને જે પ્રવૃત્તિનું છેવટ સારું હોતું નથી, તે અહિતકર કહેવાય છે.

હિત અને અહિતના જ્ઞાનને અથવા હિત અને અહિત વિષેની ખાતરીભરી સમજણને અનુભવી પુરુષોએ **વિવેકની** સંજ્ઞા આપેલી છે. આવો વિવેક પ્રકટવાથી જ મનુષ્ય પોતાની પ્રગતિ, પોતાનો વિકાસ, પોતાની ઉન્નતિ કે પોતાનો અભ્યુદય સાધી શકે છે અને બાકીના તો ભરવાડના છોકરાની જેમ પ્રાપ્ત થયેલો મનુષ્ય દેહરૂપી અમૂલ્ય હીરો તદ્દન નજીવી કિંમતમાં જ ગુમાવી દે છે.

## ભરવાડનો છોકરો.

કાના નામનો ભરવાડનો એક છોકરો નદીકિનારે ઘેટાં બકરાં ચરાવી રહ્યો હતો. તેવામાં તેની નજર એક ખૂબ ચક-

ચકિત વસ્તુ પર પડી. ‘ અહો ! કેવો સુંદર કાચ છે ને ?’ એમ માનીને તેણે એ ચકચકિત વસ્તુ ઉઠાવી લીધી અને તેનાથી રમત કરવા લાગ્યો ! એવામાં ત્યાં થઈને એક વેપારી પસાર થયો. તેણે પેલી ચકચકિત વસ્તુ જોઈને કહ્યું કે: ‘ અલ્યા કાનિયા ! તું અહીં બેઠો બેઠો કાચથી રમે છે અને તારાં ઘેટાં-બકરાં તો નદીને પેલે પાર દૂર દૂર નીકળી ગયાં છે ! જો તેમાંથી એકાદ ઘેટું-બકરું ઓછું થયું તો તારા બાપને શું જવાબ આપીશ ? ’

વેપારીની આ વાત સાંભળીને કાનો કાંઈક શરમીંદો પડી ગયો. તેણે રમવાનું માંડી વાળ્યું અને પેલો ‘ કાચનો કકડો ’ ગજવામાં મૂકી ચાલવા માંડયું. તે વખતે પેલા ચતુર વેપારીએ કહ્યું: ‘ ઓ કાના ! તારે આ કાચના કકડાનું શું કામ છે ? તે મને આપી દે. હું તેને મારી ગાયના ગળે લટકાવીશ. અને તે કાચ મારે કાંઈ મફત જોઈતો નથી ! તેના બદલે તું કહીશ તેટલો ગોળ જોખી આપીશ. ’

ગોળનું નામ સાંભળતાં ભરવાડના છોકરાનું મોં ભરાઈ ગયું. તેણે કહ્યું કે: ‘ શેઠ ! આ કાચ મને બહુ ગમે છે, પણ તમે માગો છો એટલે મારાથી ના પાડી શકાતી નથી. વારુ, આ કાચ તમે લઈ જાઓ ને તેના બદલામાં મને સવાશેર ગોળ જોખી આપજો. ’ એમ બોલી તેણે પેલો ‘ કાચનો કકડો ’ વેપારીને આપી દીધો. પછી સાંજ ટાણે તે વેપારીના ઘેર ગયો, ત્યાં વેપારીએ તેને સવાશેર ગોળ જોખી આપ્યો અને વધારામાં પાંચ સોપારી ઉપરથી આપી.

કાનો હરખાતો હરખાતો પોતાના ઘેર ગયો.

કહેવાની જરૂર ભાગ્યે જ છે કે પેલો કાચનો ટૂકડો એક મૂલ્યવાન હીરો હતો, જેને વેચવાથી તે વેપારી એકાએક શ્રીમંત બની ગયો.

## આપણો જીવન-વ્યવહાર

કાનાની આ મૂર્ખાઈ પર સહુ કોઈને હસવું આવશે, પરંતુ અવલોકન કરીશું તો જણાશે કે આપણો પોતાનો જીવન-વ્યવહાર તેના કરતાં વધારે ડહાપણભરેલો નથી. અન્ય પ્રાણીઓની સરખામણીમાં અનેકગણો ઉત્તમ દેહ મળવા છતાં આપણે તેમાંથી શું લાભ ઉઠાવ્યો ? રાત્રિઓ મોટા ભાગે સૂઈને પૂરી કરી અને દિવસો મોટા ભાગે ખાઈ-પીને પસાર કર્યા. બાળપણ રમતમાં ગુમાવ્યું, જુવાની ભોગવિલાસમાં પૂરી કરી અને ઘડપણમાં સર્વ પ્રકારની પરાધીનતાના કારણે કાંઇ પણ બની શક્યું નહિ. આપણા સાઠ, સિત્તેર કે એંસી વર્ષના આયુષ્યનું સરવૈયું કાઢીશું તો લાગ્યા વિના નહિ જ રહે કે આપણો જીવનને લગતો કારભાર તદ્દન દેવાળિયો છે, છેક જ નિરાશાજનક છે. જો આ વાતની પૂરી પ્રતીતિ ન થતી હોય તો નીચેની તાલિકામાં સાચા આંકડા મૂકી જુઓ.

## એંસી વર્ષનું સરવૈયું
## એંસી વર્ષના ૨૮૮૦૦ દિવસના
## ૬૯૧૨૦૦ કલાકનો હિસાબ

| જ | ઉ |
|---|---|
| ૧ ભણવા ગણવામાં | ૧ ખાવાપીવામાં |
| ૨ માતાપિતાની સેવામાં | ૨ નાવાધોવામાં |

| | |
|---|---|
| ૩ પરોપકારી કાર્યો કરવામાં | ૩ હરવા ફરવામાં |
| ૪ સાધુસંતના સમાગમમાં | ૪ બેસી રહેવામાં |
| ૫ ધર્મોપદેશ સાંભળવામાં | ૫ સૂઈ રહેવામાં |
| ૬ સ્વાધ્યાય કરવામાં | ૬ ભોગવિલાસમાં |
| ૭ પ્રભુભક્તિમાં | ૭ ગપાટા સપાટામાં |
| ૮ ધર્મધ્યાનમાં | ૮ નિંદા–કુથલીમાં |
| | ૯ રમતગમતમાં |
| | ૧૦ નાટક–સિનેમામાં |
| | ૧૧ રગડા–ઝગડામાં |
| | ૧૨ માંદગીમાં |

આ આંકડાઓ મૂકી જોતાં, એમ લાગે છે ખરૂં કે આપણે કોના કરતાં વધારે ડાહ્યા અને વધારે શાણા છીએ ? આ જિંદગીમાં આપણે ખાનપાન વડે જે કાંઇ સુખ મેળવ્યું, નાટક સિનેમા વડે જે કાંઈ આનંદ પ્રાપ્ત કર્યો અને વિષયભોગ દ્વારા જે જાતની તૃપ્તિ અનુભવી તે બધાની કિંમત ‘સવાશેર ગોળ’ કરતાં કઇ રીતે વધારે આંકી શકાય તેમ છે ? કયાં માનવદેહ દ્વારા પ્રાપ્ત થઇ શકતું અનંતાનંત સુખ અને કયાં આપણે પ્રાપ્ત કરેલા ક્ષણિક સુખના માત્ર નાના ઝબકારા !

## ત્યારે કરવું શું ?

ત્યારે આપણો આ દેવાળિયો કારભાર અટકાવવા માટે કરવું શું ? આપણા આ નાદાર વહીવટને સુધારવા માટે કઇ જાતનાં પગલાં ભરવાં ? આપણી આ મૂર્ખતાનું નિવારણ કરવા માટે કયા પ્રકારનો માર્ગ ગ્રહણ કરવો ?

આર્ષ પુરુષોએ તેનો જવાબ બહુ ટૂંકમાં છતાં ઘણો સ્પષ્ટ આપી દીધો છે. તેઓ જણાવે છે કે—

" लद्धूण माणुसत्तं कहंचि अइदुल्लहं भवसमुद्दे ।
सम्मं निउंजियव्वं कुसलेहि सया वि धम्मंमि ॥ "

" (भवसमुद्दे) ભવસમુદ્રમાં (कहंचि) કોઈ પણ રીતે (अइदुल्लहं) અતિ દુર્લભ એવું (माणुसत्तं) મનુષ્યપણું (लद्धूण) પામીને (कुसलेहि) ડાહ્યા માણસોએ તેને (सया वि) હમેશાં (धम्मंमि) ધર્મમાર્ગને વિષે (सम्मं) સારી રીતે (निउंजियव्वं) જોડવું."

આ આર્ષવાણીનું રહસ્ય બરાબર સમજવા માટે તેનો વિચાર વધારે વિસ્તારથી કરીશું.

ભવ એટલે સંસાર અથવા જન્મ-મરણના ફેરા. તેની સરખામણી સમુદ્ર સાથે કરવાનું કારણ એ છે કે-સમુદ્રમાં રહેલાં જલબિંદુઓની જેમ તેની સંખ્યા પણ અનંત છે. આ ભવને ધારણ કરવાનાં સ્થાનની એટલે કે યોનિની જાતિ ચોરાશી લાખ છે. કહ્યું છે કે—

पारावार इवापारः संसारो घोर एष भोः ! ।
प्राणिनश्चतुरशीति-योनिलक्षेषु पातयन् ॥

હે મહાનુભાવ! પ્રાણીઓને ચોરાશી લાખ જીવાયોનિમાં રખડાવનાર આ ઘોર સંસાર સમુદ્રની માફક પાર વિનાનો છે.

न याति कतमां योनिं ? कतमां वा न मुञ्चति ? ।
संसारी कर्मसंबंधादवक्रयकुटीमिव ॥

સંસારી પ્રાણી કર્મના સંબંધથી ભાડે રાખેલી ઝુંપડીની જેમ કઇ યોનિમાં ગયો નથી અને કઈ યોનિ તેણે દેહધારણ કરીને છોડી નથી ? અર્થાત્ તેણે ચોરાશી લાખ જીવયોનિમાં ફરી ફરીને જન્મ ધારણ કરેલો છે.

## ચૌરાશી* લાખ જીવયોનિ.

ચોરાશી લાખ જીવયોનિની ગણતરી નિર્ગ્રંથ મહર્ષિઓએ અર્થાત્ જૈન મહર્ષિઓએ આ રીતે કરેલી છે. પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના દેહની યોનિ ૭+૭+૭+૭= ૨૮ લાખ

વનસ્પતિની યોનિ ૨૪ લાખ.

[ સાધારણ વનસ્પતિ ૧૪ લાખ+પ્રત્યેક વનસ્પતિ ૧૦ લાખ ]

વિકલેંદ્રિય જીવો અથવા કીડા વગેરેની યોનિ ૬ લાખ

[ બે-ત્રણ-ચાર ઈંદ્રિયવાળા જીવો પૈકી દરેકની ૨ લાખ ]

| | |
|---|---|
| દેવયોનિ | ૪ લાખ |
| નરકયોનિ | ૪ લાખ |
| તિર્યંચયોનિ | ૪ લાખ |
| મનુષ્યયોનિ | ૧૪ લાખ |
| | કુલ ૮૪ લાખ |

---

* અહીં ભ્રમ ન થાય માટે જણાવવાનું કે–જગતમાં જીવોની સંખ્યા તો અનંતી છે પરંતુ અહીં ૮૪ લાખની જે સંખ્યા કહી છે તે જીવોની નહીં પણ જીવયોનિની એટલે જીવોને ઉત્પન્ન થવાના નિશ્ચિત થએલા સ્થાનોની છે. યદ્યપિ જીવો અનંતા તો સ્થાન અનંતા કેમ નહિં ? તો સ્થાન પણ અનંતા જ છે. પણ એ સ્થાનોના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તથા સંસ્થાનની સમાનતાની અપેક્ષાએ વિચારતાં ૮૪ લાખ ભેદો પડતા હોવાથી યોનિ સંખ્યા ૮૪ લાખ જ થાય છે.

વૈદિક ધર્મમાં પણ યોનિની સંખ્યા ૮૪ લાખ મનાયેલી છે. તે નીચે મુજબઃ—

स्थावरं विंशतेर्लक्षं, जलजं नवलक्षकम् ।
कृमिश्च रुद्रलक्षश्च, दशलक्षश्च पक्षिणः ॥
त्रिंशल्लक्षं पशूनां च, चतुर्लक्षं तथा नरः ।
ततो मनुष्यतां प्राप्य ततः कर्माणि साधयेत् ॥

વૃક્ષાદિ સ્થાવર યોનિ ૨૦ લાખ, જલજંતુ યોનિ ૯ લાખ, કૃમિયોનિ ૧૧ લાખ, પક્ષીયોનિ ૧૦ લાખ, પશુયોનિ ૩૦ લાખ અને મનુષ્યયોનિ ૪ લાખ–આ ચોરાશી લક્ષ યોનિમાં મનુષ્ય યોનિને પ્રાપ્ત કરી શ્રેષ્ઠ કર્મો કરવાં.

## મનુષ્ય ભવની યોગ્યતા.

'ચોરાશી લાખના ચક્કરમાં ફસેલા જીવને મનુષ્યનો ભવ કેવી રીતે પ્રાપ્ત થાય છે?' તે જણાવવા માટે અહીં 'કોઈ પણ રીતે' (**कहिंचि**) એવો શબ્દપ્રયોગ કરેલો છે. તેનો વાસ્તવિક અર્થ એ છે કે–મનુષ્યપણું પ્રાપ્ત થયા પહેલાં આ જીવને એવી સામગ્રી પ્રાપ્ત થતી નથી કે જેના લીધે તે 'વ્યવસ્થિત વિકાસ' સાધી શકે અથવા તો 'પદ્ધતિસરનો પુરુષાર્થ' અજમાવી શકે. પરંતુ નદીમાં તણાઈ રહેલો અનેક ધારવાળો પત્થર જેમ ઘસડાતાં ઘસડાતાં ગોળ બની જાય છે, તેમ ભારે કર્મવાળો જીવ ઘણાં ઘણાં દુઃખો પરાધીનપણે સહન કરીને, કાલાંતરે પોતાનાં કેટલાંક કર્મોને ખપાવી દે છે; જેથી તે કાંઈક મંદકષાય એટલે રાગ–દ્વેષની મંદતાવાળો બને છે અને

તેના લીધે જ મનુષ્ય યોનિમાં જન્મ ધારણ કરવાને શક્તિમાન થાય છે. કહ્યું છે કે–

**पयईइ तणुकसाओ, दाणरओ सीलसंजमविहूणो ।**
**मज्झिमगुणेहिं जुत्तो, मणुयाउं बंधए जीवो ॥**

'શીલ' અને 'સંયમ'થી રહિત હોવા છતાં જે જીવ સ્વભાવથી 'મંદ કષાયવાળો' એટલે ક્રોધ, માન, માયા (કપટ) અને લોભની તીવ્રતાને મંદ કરનારો બને છે, તથા દાન દેવામાં તત્પર અને 'મધ્યમ ગુણવાળો' થાય છે, તે મનુષ્યનું આયુષ્ય બાંધે છે. અર્થાત્ ભવિષ્યમાં મનુષ્ય દેહ ધારણ કરવાનો તેનો અધિકાર નિર્ણીત થાય છે.

## અતિદુર્લભ.

આ રીતે મનુષ્યપણું (માનુષ્ય) પામતાં જીવને જે જે દુઃખો અનુભવવાં પડે છે, જે જે સંકટોનો સામનો કરવો પડે છે અને જે જે મુશીબતો બરદાસ કરવી પડે છે, તેની સંખ્યા અતિ વિપુલ હોઈને મનુષ્યભવની પ્રાપ્તિને 'અતિદુર્લભ' માનવામાં આવી છે. આ દુર્લભતાનો યથાર્થ ખ્યાલ આપવા માટે મહર્ષિઓએ દશ દૃષ્ટાંતની યોજના કરેલી છે. તે આ રીતેઃ—

**चोल्लग–पासग–धण्णे, जूए रयणे य सुमिण–चक्के य ।**
**चम्म–जूगे परमाणू, दस दिट्ठंता मणुअलंभे ॥**

[ શ્રી આવશ્યક–નિર્યુક્તિ ]

મનુષ્ય ભવની પ્રાપ્તિમાં દસ દૃષ્ટાંતો સમજવાં યોગ્ય છે. (૧) ચોલ્લક (૨) પાસા (૩) ધાન્ય (૪) જુગાર (૫) રત્ન (૬) સ્વપ્ન (૭) ચક્ર (૮) ચર્મ (૯) યુગ અને (૧૦) પરમાણુ.

આ દસે દૃષ્ટાંતોનું રહસ્ય આપણે ક્રમવાર વિચારીશું.

## દૃષ્ટાંત પહેલું.

### ચોલ્લક [ ભોજન ]

છ ખંડ ધરતીના સાધનાર ચક્રવર્તી બ્રહ્મદત્તે એક બ્રાહ્મણની પૂર્વ સેવાથી પ્રસન્ન થઇને તેને ઇચ્છિત વસ્તુની માગણી કરવાનું કહ્યું. તે પરથી બ્રાહ્મણે પોતાની સ્ત્રીની સલાહથી એવી માગણી કરી કે ' તમારા રાજ્યમાં રહેલું દરેક ઘર મને વારાફરતી જમાડે.' ચક્રવર્તી બ્રહ્મદત્તે તે માગણીનો સ્વીકાર કર્યો અને તે મુજબનું ફરમાન કરી આપ્યું. હવે તે બ્રાહ્મણે પહેલા દિવસે ચક્રવર્તી બ્રહ્મદત્તને ત્યાં ભોજન કર્યું, જે અતિ ઉત્તમ અને પરમ સ્વાદિષ્ટ હતું. ત્યારપછી પ્રતિદિન તે જુદા જુદા ઘરોમાં ભોજન કરવા લાગ્યો પણ ચક્રવર્ત્તીની રસોઇનો સ્વાદ કોઈ પણ સ્થળે આવ્યો નહિ, તેથી તે વિચાર કરવા લાગ્યો કે ' ક્યારે ફરીને વારો આવે ને ચક્રવર્તીનું ભોજન ફરીને જમું.'

અહીં વિચારવાનું એ છે કે–છ ખંડ ધરતીમાં ગામ કેટલાં અને ઘર કેટલાં? તે દરેક ઘરે અકેક વાર જમતાં શું એ બ્રાહ્મણ ફરીને ચક્રવર્તીના ઘરે ભોજન કરી શકે ખરો? તેનું આયુષ્ય એક હજાર વર્ષથી અધિક હોય તો પણ ફરીને ચક્રવર્તીના ઘરે ભોજન પ્રાપ્ત થવું જેમ અતિદુર્લભ છે, તે જ રીતે મનુષ્યપણું પામીને તેને યોગ્ય ધર્મકરણીના અભાવે ગુમાવી દીધું તો ફરી તેને પ્રાપ્ત કરવું એ અતિદુર્લભ છે.

## દૃષ્ટાંત બીજું

### પાસાની રમત.

ચંદ્રગુપ્ત મૌર્ય ગાદીએ આવ્યો ત્યારે તેનો ખજાનો ખાલી હતો, તેથી તેના મંત્રી ચાણક્યે એક યુક્તિ અજમાવી. તેણે યાંત્રિક એટલે કળવાળા પાસાઓ તૈયાર કર્યા કે જેને ઇચ્છા મુજબ પાડી શકાય. પછી એક હોશિયાર માણસને રોકીને તેની પાસે સમસ્ત પાટલીપુત્રમાં ઘોષણા કરાવી કે ' જે કોઈ નગરજન પાસાની રમતમાં મને જીતી શકશે તેને હું સોનામહોરોથી ભરેલો સુવર્ણનો થાળ અર્પણ કરીશ, અન્યથા હારી જનાર દરેકે રમતદીઠ મને એક સોનામહોર આપવી પડશે. '

આ ઘોષણામાં જાહેર કરાયેલી શરત દેખીતી રીતે ઘણી જ આકર્ષક હતી, એટલે તેની સાથે પાસાની રમત રમવા માટે ઘણાં મનુષ્યો તૈયાર થયા. તેઓ એક પછી એક તેની સાથે રમવા બેઠા, પણ તેમાંનું કોઈ એક પણ દાવ જીતી શક્યું નહિ. તાત્પર્ય કે–તેઓ ગાંઠની બધી મૂડી ગુમાવી બેઠા. અહીં વિચારવાનું એ છે કે–હારી ગયેલા માણસો પાસાની રમતવડે પોતાનું ગયેલું ધન પાછું મેળવી શકે ખરા ? એટલે એ કામ જેટલું અને જેવું દુર્લભ છે, તેટલું અને તેવું જ દુર્લભ એક વાર હારી ગયેલા મનુષ્યપણાને ફરીને પ્રાપ્ત કરવાનું છે.

## દૃષ્ટાંત ત્રીજું

### ધાન્યનો ઢગલો.

માની લ્યો કે એક વરસે આખા ભારતવર્ષમાં જોઇએ તેવો વરસાદ પડ્યો છે અને પુષ્કળ અનાજ પાક્યું છે. પછી તે

અનાજને એકત્ર કરીને તેનો એક મોટો ઢગલો બનાવવામાં આવ્યો છે અને તે ઢગલામાં એક પાલી જેટલાં સરસવના દાણા ભેળવવામાં આવ્યા છે. હવે તે સરસવ ફરીથી પાછા મેળવવા માટે એક તદ્દન વૃદ્ધ ડોસીને તે ઢગલા આગળ બેસાડવામાં આવી છે, તો શું એ ડોસી પેલા સરસવના બધા દાણા વીણીને પાછા મેળવી શકશે ખરી ?

અહીં સમજવાનું એ છે કે-ભવોની સંખ્યા ધાન્યના ઢગલા જેવડી છે અને મનુષ્યપણું તો માત્ર સરસવના દાણા જેટલું છે. એટલે પ્રમાદ કે આળસવશાત્ જો તેને નિરર્થક ગુમાવી દીધું તો ફરીને તે પ્રાપ્ત થવું અતિ-અતિ-દુર્લભ છે.

## દૃષ્ટાંત ચોથું.

### જુગાર.

એક રાજા ઘણો ઘરડો થવા છતાં પોતાના પુત્રને રાજગાદી સોંપતો ન હતો, તેથી કંટાળી ગયેલા રાજકુમારે તેનું ખૂન કરવાનો નિશ્ચય કર્યો હતો, પરંતુ કોઈ પણ રીતે એ વાત રાજાના જાણવામાં આવી ગઈ. તેથી ઠરેલ અને કુશલ રાજાએ જરા પણ ગુસ્સો ન લાવતાં બુદ્ધિથી કામ લેવાનો વિચાર કર્યો. તે અનુસાર તેણે કુમારને બોલાવીને કહ્યું કે 'હે કુમાર ! આપણા કુળની રીતિ એવી છે કે જે યુવરાજ હોય તે રાજાની સાથે જુગાર રમે અને જો તે જીતી જાય, તો તરત જ તેને ગાદીનશીન કરવામાં આવે.' એટલે રાજકુમાર રાજા સાથે જુગાર રમવાને તૈયાર થયો.

હવે તે રાજાને એક હજાર અને આઠ સ્થંભોવાળી એક

એક વિશાળ રાજસભા હતી અને તેના દરેક સ્થંભને એક સો ને આઠ હાંસો હતી. તે દરેક હાંસ જુદા જુદા દાવ વડે જીતવી એ આ જુગારની આવશ્યક શરત હતી. એટલે કુમાર જ્યારે એક દાવ જીતે ત્યારે તેણે એક હાંસ જીતી ગણાય. વળી બીજી શરત એ હતી કે રમત શરૂ કર્યા પછી જો રાજકુમાર કોઈ પણ દાવ હારી જાય, તો જીતેલું બધું ચાલ્યું જાય અને બધી રમત ફરીને નવેસરથી શરૂ થાય.

અહીં વિચારવાનું એ છે કે–તે રાજકુમાર આવી શરતે જુગાર રમતાં કોઈ પણ વખતે પોતાના પિતાને જીતી શકે ખરો ? જેમ તે કુમાર પોતાના પિતાને સરલતાથી જીતી શકે નહિ, તેમ આ જીવ એક વાર ગુમાવેલું મનુષ્યપણું ફરીને સરલતાથી પ્રાપ્ત કરી શકે નહિ.

## દૃષ્ટાંત પાંચમું.

### રત્નો.

એક સાહસિક વેપારીએ દરિયાઇ સફરમાં ઘણું ધન પેદા કર્યું. પછી તે ધનનાં મહામૂલાં રત્નો ખરીદીને ઘર ભણી પાછો ફર્યો. પણ દૈવયોગે મધ્ય દરિયે વહાણ ડૂબ્યું અને તેનાં સર્વ રત્નો ઊંડા પાણીમાં સરકી ગયાં. તે પોતે પાટિયાના આધારે તરીને કિનારે પહોંચ્યો. અહીં થોડા દિવસના આરામ અને ઉપચારથી તેનું શરીર સારું થઇ જતાં તે પોતાનાં ગયેલાં રત્નોને પાછાં મેળવવાને તૈયાર થયો અને તે માટે ખાસ સફરની ગોઠવણ કરી.

અહીં વિચારવાનું એટલું જ છે કે તે વેપારી દરિયાના

અગાધ જળમાં ડૂબી ગયેલાં પોતાનાં રત્નોને પાછાં મેળવી શકે ખરો ? એક વાર પ્રાપ્ત થયેલું મનુષ્યત્વ જો યોગ્ય ધર્મ-પાલનના અભાવે ગુમાવી દીધું તો તેની પુનઃપ્રાપ્તિ આ રત્નોને મેળવવા જેટલી દુર્લભ છે.

આ દૃષ્ટાંત બીજી રીતે પણ કહેવાય છે. તે આ રીતેઃ એક નગરમાં ધનદત્ત નામનો ધનાઢ્ય શેઠ વસતો હતો. તેને રત્નોનો ઘણો શોખ હતો, એટલે પોતાનું સઘળું નાણું નવી નવી જાતનાં રત્નો ખરીદવામાં ખરચી નાખ્યું હતું. આ વાત તેના પુત્રોને બિલકુલ પસંદ ન હતી, પણ તેમનું કાંઈ ચાલતું નહિ. હવે એક વાર કોઈ કામ પ્રસંગે ધનદત્ત શેઠને બહાર ગામ જવાનું થયું, એટલે તેના પુત્રોને જોઈતી તક મળી ગઈ. તેમણે એ બધાં રત્નો બહારગામથી આવેલા વેપારીઓને વેચી માર્યાં અને તેનું રોકડ નાણું બનાવી લીધું, પરંતુ બહાર-ગામથી પાછા ફરેલા ધનદત્ત શેઠને આ વાત જરા પણ રુચી નહિ, તેથી બધા પુત્રોને ભેગા કરીને કહ્યું કે–જે રત્નો મને પ્રાણથી પણ પ્યારાં હતાં, તે તમે શા માટે વેચી માર્યાં ? હવે તે રત્નો જેને જેને વેચ્યાં હોય, તેની પાસેથી પાછા લઈ આવો અને પછી જ મારા ઘરમાં દાખલ થાઓ.

પિતાનો આ જાતનો આગ્રહ જોઈને બધા પુત્રો ઘરની બહાર નીકળ્યા અને વેચી નાખેલાં રત્નોને પાછાં મેળવવાની કોશીષ કરવા લાગ્યા.

અહીં વિચારવાનું એ છે કે–તે પુત્રો વેચી નાખેલાં રત્નોને પાછાં મેળવી શકે ખરાં ? મનુષ્યત્વની પુનઃપ્રાપ્તિ એ રત્નોને પાછા મેળવવા જેટલી અઘરી છે, દુર્લભ છે.

# દૃષ્ટાંત છઠ્ઠું.

## સ્વપ્ન.

મૂળદેવ નામનો એક રાજકુમાર પિતાથી રિસાઇને દેશ-પરદેશમાં ફરતો હતો. તે એક વાર કોઈ ધર્મશાળામાં સૂઇ રહ્યો હતો ત્યારે પ્રભાતવેળાએ એવું સ્વપ્ન આવ્યું કે 'પૂર્ણિમા-નો ચંદ્રમા મારા મુખમાં પેઠો.' બરાબર એ જ વખતે નજીકમાં સૂઈ રહેલા એક ભિખારીને પણ તેવું જ સ્વપ્ન આવ્યું. હવે તે બંને સમકાળે જાગી ઉઠ્યા. તેમાં ભિખારીએ પોતાના સ્વપ્નનું ફળ કોઇ બાવાજીને પૂછ્યું, એટલે તેણે કહ્યું કે–આ સ્વપ્નનાં ફળ તરીકે ગોળ લાડુ તારા મુખમાં પ્રવેશ કરશે અર્થાત્ તને મોદકની પ્રાપ્તિ થશે. અને બન્યું પણ તેમજ. કોઈ માણસે તે જ દિવસે તેને ચૂરમાનો એક લાડુ આપ્યો. અહીં રાજકુમાર મૂળદેવે તે સ્વપ્નનો અર્થ સ્વપ્નોનું ફળ જાણવામાં ભારે કુશળ એવા કોઈ સ્વપ્નપાઠકને પૂછ્યો. એટલે તે સ્વપ્નપાઠકે જણાવ્યું કે 'આ સ્વપ્ન અતિ ઉત્તમ છે અને તેના ફલ તરીકે તમને સાત દિવસની અંદર જ રાજ્યની પ્રાપ્તિ થશે.' અને તે વાતમાં પૂર્ણ પ્રતીતિ રાખીને તે સ્વપ્ન-પાઠકે પોતાની પુત્રી મૂળદેવને પરણાવી.

હવે તે રાજકુમાર ફરતો ફરતો વેણાતટ નામના નગરમાં ગયો, જ્યાંનો રાજા અપુત્રિયો મરણ પામ્યો હતો. ત્યાં હાથણી-એ તેના પર કળશ ઢોળ્યો, એટલે તે વેણાતટનો રાજા થયો.

આ વાત પેલા ભિખારીએ જાણી એટલે તે પોતાના દુર્ભાગ્ય-

ને નિંદવા લાગ્યો અને ફરી પણ તેવું જ સ્વપ્ન આવે તેવી ઈચ્છાથી તે જ ધર્મશાળામાં સૂવા લાગ્યો.

અહીં વિચારવાનું એ છે કે-આ ભિખારીને પેલું સ્વપ્ન આવે ક્યારે અને તેના ફલ તરીકે રાજ્યની પ્રાપ્તિ થાય ક્યારે ? ગુમાવેલા મનુષ્યત્વની પુનઃપ્રાપ્તિ તેના જેવી દુર્લભ છે.

## દૃષ્ટાંત સાતમું

### ચક્ર-( રાધાવેધ ).

એક મોટો સ્થંભ હોય, તેની ટોચ ઉપર એક પૂતળી કળના આધારે ( યાંત્રિક પ્રયોગથી ) ચકર ચકર ફરતી હોય, તેનું નામ ' રાધા. ' તે રાધાની નીચે આઠ ચક્ર ફરતાં હોય. ચાર જમણી બાજુથી અને ચાર ડાબી બાજુથી. નીચે તેલની કડાઈ હોય. તેમાં એ આઠે ચક્રનું અને રાધાનું પ્રતિબિંબ પડે. સ્થંભના મધ્યભાગે એક ત્રાજવું હોય. તેના બે પલ્લામાં બે પગ રાખીને ઊભા રહેવાનું. પછી નીચેનું પ્રતિબિંબ જોઇને ધનુષ્યમાંથી બાણ એવી રીતે છોડવાનું કે જેનાથી રાધાની ડાબી આંખ વીંધાઈ જાય. તેનું નામ રાધાવેધ.

અહીં વિચારવાનું એ છે કે-પ્રથમ તો બે પલ્લામાં પગ રાખીને ધનુષ્યબાણ સાથે ઊભા રહેવું જ મુશ્કેલ છે. કદાચ કોઈ મનુષ્ય એ કામ કરી શકે તો નીચે તેલમાં જોતાં ચક્કર આવ્યા વિના રહે નહિ. ઘડીભર માની લ્યો કે તે માણસને ચક્કર આવતા નથી, તો પણ પ્રતિબિંબ જોઈને નિશાન તાકવું એ ઘણું મુશ્કેલ છે. કદાચ એ પણ બને, પરન્તુ ઉલટાસુલટા ફરી રહેલા ચક્રોના આરામાંથી બાણ બરાબર પસાર થઇ જાય એ

ઘણું જ દુર્લભ છે અને તેમાંયે ચકર ચકર ફરી રહેલી રાધાની ડાબી આંખ જ વીંધાય એ તો અતિ અતિ દુર્લભ છે.

મનુષ્યત્વની પુનઃપ્રાપ્તિ આ રાધાવેધ જેટલી દુર્લભ છે.

## દૃષ્ટાંત આઠમું.

## કૂર્મ—( ચંદ્રદર્શન ).

એક ગીચ જંગલની અંદર પાણીનો ઊંડો ધરો હતો. તેમાં અનેક જાતના જળચર પશુઓ વસતા હતા. આ ધરાનું પાણી સર્વત્ર જાડી સેવાળથી ઢંકાયેલું હતું, એટલે ભેંસના જાડા ચામડા( ચર્મ )થી મઢ્યું હોય તેવું જણાતું હતું. એક વખત પૂર્ણિમાની રાત્રિએ પવનના ઝપાટાથી તેમાંથી થોડી સેવાળ આમતેમ થઈ ગઇ અને તેમાં એક છિદ્ર પડ્યું. હવે સંયોગવશાત્ તે જ સમયે એક કાચબો ત્યાં આવી ચડયો અને એ છિદ્રમાંથી ડોક બહાર કાઢીને જોવા લાગ્યો. તે વખતે આકાશમાં રહેલો ચાંદીની થાળી જેવો સંપૂર્ણ ગોળ ચંદ્રમા તેના જોવામાં આવ્યો. આવી વસ્તુ તેની જિંદગીમાં તેણે આ પહેલી વાર જ જોઈ હતી, તેથી પરમ હર્ષ થયો. હવે તે જ વખતે તેને વિચાર આવ્યો કે—આવી અદ્દ્ભુત વસ્તુ ફરી ફરીને જોવા મળતી નથી, માટે મારા કુટુંબ—પરિવારને પણ તે અવશ્ય બતાવું. એટલે તેમને બોલાવી લાવવા માટે પાણીમાં ડુબકી મારી. પરંતુ તે પોતાના કુટુંબ—પરિવારને તે જ સ્થળે બોલાવી લાવે તે પહેલાં પવનના યોગથી સેવાળ ભેગી થઇ ગઇ અને તેમાં પડેલું છિદ્ર પૂરાઇ ગયું. હવે તે કાચબો પોતાના કુટુંબ—પરિવારને બોલાવીને પાણીની સપાટી ઉપર આવ્યો અને પેલું

છિદ્ર શોધવા લાગ્યો. અહીં વિચારવાનું એ છે કે-તે કાચબો પોતે કરેલું ચંદ્રદર્શન પોતાના કુટુંબીઓને કરાવી શકે ખરો ? કોઇ વાર પવનના યોગે સેવાળમાં છિદ્ર પડે, તો રાત્રિ અજવાળી ન હોય. રાત્રિ અજવાળી હોય તો તે જ દિવસે પૂર્ણિમાનો યોગ ન હોય અને કદાચ પૂર્ણિમાનો યોગ હોય તો આકાશ વાદળાથી રહિત ન હોય. આ બધા સંયોગોનું પુનઃ મિલન થવું જેટલું દુર્લભ છે, તેટલું જ દુર્લભ પુનઃ મનુષ્યપણું છે.

## દૃષ્ટાંત નવમું.

## યુગ ( અને સમોલ. )

ગાડું જોડતી વખતે બળદના ખાંધે જે ધોંસરી મૂકવામાં આવે છે, તેને સંસ્કૃતમાં ' યુગ ' અને માગધી ભાષામાં ' જુગ ' કહે છે. આ યુગમાં-ધોંસરીમાં એક છિદ્ર હોય છે અને બળદ આઘો પાછો ન થાય, તે માટે તેમાં લાકડાનો એક નાનો દંડૂકો ભેરવવામાં આવે છે, જેને સંસ્કૃતમાં 'સમિલ' અને દેશી ભાષામાં 'સમોલ' કહેવામાં આવે છે. હવે માનો કે ધોંસરીને સમુદ્રના એક છેડેથી પાણીમાં નાખવામાં આવી છે ને સમોલ-ને સમુદ્રના બીજા છેડેથી પાણીમાં નાખવામાં આવી છે, તો સમુદ્રના ઉછળતાં મોજાંઓથી તે ધોંસરી અને સમોલ ભેગાં થશે ખરાં ? અને ભેગાં થશે તો સમોલ આપોઆપ ધોંસરીનાં છિદ્રમાં પ્રવેશ પામશે ખરી ? મનુષ્યત્વની પુનઃપ્રાપ્તિ આ કાર્ય જેટલી દુર્લભ છે.

## દૃષ્ટાંત દશમું.

### પરમાણુ.

ધારો કે એક થાંભલાના ખંડ ખંડ ટુકડા કરીને તેનું એવું ચૂર્ણ બનાવવામાં આવે છે કે જેથી તેના પરમાણુએ પરમાણુ છૂટા પડી જાય. પછી તે ચૂર્ણને એક નળીમાં ભરવામાં આવે છે અને તે નળીને હિમાલયના શિખર પર લઈ જઈને તેમાંનું બધું ચૂર્ણ ફુંક વડે ઉડાડી દેવામાં આવે છે. આ ચૂર્ણ અતિ સૂક્ષ્મ હોવાથી દશે દિશામાં ઝપાટાબંધ ચાલ્યું જાય છે. હવે જો એવો વિચાર કરવામાં આવે કે તે પરમાણુઓને એકત્ર કરીને તેમાંથી પેલા સ્થંભનું નિર્માણ કરવું તો તે બની શકશે ખરૂં ? એ કામ પાર પાડવામાં જેવી મુશ્કેલી રહેલી છે, તેવી મુશ્કેલી મનુષ્યપણાને ફરી પામવામાં રહેલી છે.

### દુર્લભતાનાં કારણો.

મનુષ્યભવ કેટલો દુર્લભ છે, તે જાણ્યા પછી તે કેમ દુર્લભ છે ? તે પણ જાણવું જોઇએ.

જીવ અનાદિ છે. તેની સાથે જોડાયેલી જડ પુદ્ગલની વર્ગણાઓ કે જે 'કર્મ'ના નામથી ઓળખાય છે, તે પણ અનાદિ છે. જીવ અને કર્મના આ સંબંધનો ખ્યાલ ખાણમાં રહેલી સોનાની કાચી ધાતુના દૃષ્ટાંતથી આવી શકે છે. જેમ ખાણમાં રહેલી સોનાની કાચી ધાતુ અધિક માટીના મિશ્રણવાળી હોય છે, તેમ પ્રથમાવસ્થામાં આ જીવને અનંત કર્મો વળગેલાં હોય છે. એ અનંત કર્મોને લીધે તેમજ પુરુષાર્થની નબળાઇને લીધે

તે 'નિગોદ*' નામની અવસ્થામાં અનંત કાલ સુધી પરિભ્રમણ કર્યા કરે છે કે જ્યાં જન્મ, મરણ ખૂબ જ ઝડપી એટલે એક શ્વાસોચ્છ્વાસ જેટલા સમયમાં ૧૭ થી ૧૮ જેટલાં હોય છે.

આ સ્થિતિમાં પસાર થયેલો જીવ વ્યવહાર રાશિમાં પ્રવેશ કરે છે અને કર્મ અનુસાર પૃથ્વી, પાણી, અગ્નિ કે વાયુની યોનિમાં રેંટની ઘટમાળ માફક ફરી ફરીને જન્મ ધારણ કર્યા કરે છે. એમાં અસંખ્યાતો કાલ વ્યતીત થઈ જાય છે.

આ પરિભ્રમણમાં અશુભ કર્મનું જોર કાંઈક અંશે હળવું થતાં તે બેઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા કે ચાર ઇંદ્રિયવાળા દેહોને ધારણ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે કે જેમાં સંખ્યાતો કાલ વ્યતીત થાય છે, અને અશુભ કર્મના હળવાપણાને લીધે, જો પંચેંદ્રિયપણામાં પશુ, પક્ષી કે મનુષ્યપણું પ્રાપ્ત કરે તો વધુમાં વધુ સાત કે આઠ ભવ સુધી તેમ કરી શકે છે. જ્યારે દેવ કે નરક યોનિમાં આ જીવ સળંગ રીતે એક કરતાં વધારે ભવો ધારણ કરી શકતો નથી.

ટૂંકમાં અનંતકાળ સુધી વિવિધ યાતનાઓ સહન કર્યા પછી કર્મનો ભાર સારી રીતે ઓછો કરનાર જીવો જ મનુષ્ય

---

* નિગોદ-એટલે જેઓ આપણી આંગળીની પહોળાઇના અસંખ્યાતમા ભાગ જેટલા દેહમાનવાળા જીવો અનંતા હોય પણ તે સર્વ જીવો વચ્ચે શરીર એક જ હોય. તેને નિગોદ શબ્દથી ઓળખવામાં આવે છે. આ જીવો વનસ્પતિની જાતિના છે અને તેઓ સર્વત્ર વ્યાપ્ત છે. અને તેઓ જ્યાં જન્મ્યા હોય ત્યાં જ સ્થિરરૂપે રહે છે, ગમનાગમન કરવાને અશક્ત હોય છે અને તે એકેન્દ્રિય હોય છે.

ભવને પામે છે, માટે જ દરેક ધર્મ–દર્શનકારો અને ધર્મશાસ્ત્ર-કારોએ આ માનવ અવતારને 'અતિદુર્લભ' જન્મ તરીકે ઓળખાવ્યો છે.

## ડાહ્યા માણસો

'ભવસમુદ્રમાં કોઈ પણ રીતે મનુષ્યપણું પામ્યા પછી શું કરવું ?' એ પ્રશ્નનો ઉત્તર ગાથાના ઉત્તરાર્ધમાં આપવામાં આવ્યો છે. તેમાં જણાવ્યું છે કે 'ડાહ્યા માણસોએ તેને હમેશાં ધર્મમાર્ગમાં સારી રીતે જોડી રાખવું.' આ સૂચન મનુષ્ય માત્રને માટે એક સરખું ઉપયોગી છે. ડાહ્યા માણસો તે જ કહેવાય કે-જેઓ હિત અને અહિતનો વિવેક યોગ્ય રીતે કરી શકે છે અને તેમાં જે હિતકર જણાય તે અનુસાર પોતાની પ્રવૃત્તિનો ઘાટ ઘડી શકે છે. એક કવિએ ઠીક જ કહ્યું છે કે—

**" शक्यो वारयितुं जलेन दहनश्छत्रेण सूर्याऽऽतपो,**
**नागेन्द्रो निशिताङ्कुशेन समदो, दण्डेन गोगर्दभौ ।**
**व्याधिर्भेषजसंग्रहेण विविधै-र्मन्त्रप्रयोगैर्विषं,**
**सर्वस्यौषधमस्ति शास्त्रविहितं, मूर्खस्य नास्त्यौषधम् ॥ "**

**ભાવાર્થ**—અગ્નિ જળવડે, સૂર્યનો તડકો છત્રવડે, મદોન્મત્ત ગજરાજ તીક્ષ્ણ અંકુશવડે, ગાય અને ગધેડાં લાકડીવડે, વ્યાધિ અનેકવિધ ઔષધોવડે અને ઝેર વિવિધ મંત્રપ્રયોગોવડે વારી શકાય છે. એ રીતે દરેકનું ઔષધ શાસ્ત્રોએ બતાવેલું છે પણ મૂર્ખની મૂર્ખતા દૂર કરવા માટે કોઈ ઔષધ બતાવેલું નથી.

તેનું કારણ સ્પષ્ટ છે. જેનામાં સારું ખોટું સમજવા જેટલું

ડહાપણ નથી, તેને શાસ્ત્રો શું મદદ કરી શકે ? શું માર્ગદર્શન આપી શકે ? શાસ્ત્રો તો દર્પણ સમાન છે, એટલે જોવાની આંખો હોય તો પોતાનું પ્રતિબિંબ તેમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. અને જોવાની આંખો ન હોય તો તેમાં કાંઈ પણ દેખાતું નથી. એક નીતિકારે સાચું જ કહ્યું છે કે.

यस्य नास्ति स्वयं प्रज्ञा, शास्त्रं तस्य करोति किं ।
लोचनाभ्यां विहीनस्य, प्रदीपः किं करिष्यति ?

**ભાવાર્થ:**—બંને નેત્રથી હીન એવા માણસને જેમ તેજસ્વી દીપક કશો ઉપકાર કરી શકતો નથી, તેમ જેને સ્વયંબુદ્ધિ નથી તેને શાસ્ત્રો કશો લાભ આપી શકતા નથી.

તાત્પર્ય કે-શાસ્ત્રોમાં અનેક જાતનું ગૂઢ રહસ્ય ભરેલું છે, પણ મૂર્ખ માણસો તેને પામી શકતા નથી; જ્યારે ડાહ્યા માણસો તેનો લાભ બરાબર ઉઠાવી શકે છે.

## સદા ધર્મકરણી.

'ધર્મકરણી કરવાની અવસ્થા કઇ ?' એ પ્રશ્નના જવાબમાં **'सया वि'** પદ મૂકાયેલું છે. એટલે બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા એ ત્રણે અવસ્થાઓ ધર્મકરણી માટે યોગ્ય છે. કહ્યું છે કે—

" बाल एव चरेद्धर्ममनित्यं खलु जीवितम् ।
फलानामिव पक्कानां शश्वत् पतनतो भयम् ॥ "

બાલ્યાવસ્થા હોય તો પણ ધર્મ કરતાં રહેવું, કારણ કે

જીવિત અનિત્ય છે; તેથી પાકી ગયેલાં ફળોની માફક તેને હમેશાં પડવાનો ભય રહેલો છે.

ધર્મના આચરણને ભાવી માટે મુલતવી રાખનાર માટે કહેવાયું છે કે—

> " पुनः प्रभातं पुनरेव शर्वरी,
> पुनः शशाङ्कः पुनरुत्थितो रविः ।
> कालस्य किं गच्छति ? याति जीवितं,
> तथापि मूढः स्वहितं न बोध्यते ॥ "

" પ્રભાત ફરીને ઊગે છે, રાત્રિ ફરીને આવે છે, ચંદ્ર ફરીને દેખાય છે અને સૂર્ય પણ ફરીને ઉદય પામે છે. એટલે કાલ વ્યતીત થતો નથી પણ આપણું જીવન જ વ્યતીત થાય છે. આમ છતાં મૂઢ મનુષ્યો પોતાનું હિત શેમાં છે તેનો વિચાર કરતા નથી. "

પ્રથમ બ્રહ્મચર્યાશ્રમ, પછી ગૃહસ્થાશ્રમ, પછી વાનપ્રસ્થાશ્રમ અને છેવટે સંન્યસ્તાશ્રમ એ વ્યવસ્થા વ્યાવહારિક દૃષ્ટિએ ઠીક જણાવા છતાં તાત્ત્વિક દૃષ્ટિએ ઉપયુક્ત નથી; કારણ કે મનુષ્ય અમુક વર્ષ સુધી જીવશે જ તેવી કોઈ ખાતરી નથી. વળી ધર્મના સંસ્કારો–ધર્મનું શિક્ષણ બાલ્યાવસ્થાથી જ આપવામાં આવ્યું હોય અને સઘળો વ્યવહાર તે જ રીતે ગોઠવાયો હોય, તો જ જીવનમાં ' ધર્મનો સંગ્રહ ' થઇ શકે છે, ધર્મનું યથાર્થ આચરણ થઈ શકે છે; એટલે તેને માટે સમયમર્યાદા બાંધવી એ કોઈ પણ રીતે ઇષ્ટ નથી.

કદાચ એમ કહેવામાં આવે કે ‘ બાળકો ધર્મની બાબતમાં શું સમજી શકે ? તેમનું કાર્ય તો ખાઇ–પીને શરીર સુધારવાનું છે અને બને તેટલો વિદ્યાભ્યાસ કરવાનું છે.’ તો આ કથન ધર્મનો મર્મ સમજ્યા વિનાનું છે. ધર્મના સંસ્કારો બાલ્યાવસ્થાથી નહિ પણ ગર્ભાવસ્થામાંથી આપી શકાય છે અને તેનો ક્રમ ઉત્તરોત્તર જીવનપર્યંત લંબાવી શકાય છે.

ગર્ભાધાન થયા પછી જે માતાપિતા બ્રહ્મચર્યનું પાલન કરે છે, ઘરનું વાતાવરણ કલેશ અને કંકાસથી રહિત બનાવે છે અને ઉત્તમ વિચારો તથા ઉત્તમ આચારોમાં પોતાનો સમય વ્યતીત કરે છે, તેઓ ગર્ભમાં રહેલા બાળક પર ઉત્તમ સંસ્કારો પાડી શકે છે. ગર્ભવતી માતાઓએ ધર્મનાં વ્યાખ્યાનો શ્રવણ કરવાં, ઉત્તમ પુરુષોનાં ચરિત્ર વાંચવા અને સદાચારથી રહેવું, એ ગર્ભાવસ્થામાં જ બાળકને ઉત્તમ સંસ્કારો પાડવાનો સુયોગ્ય માર્ગ છે.

બાળકો પ્રાયઃ અનુકરણ કરનારાં હોય છે એટલે જે પ્રકારે માતાપિતા પોતાનું જીવન વ્યતીત કરતાં હોય છે, તે પ્રકારના સંસ્કારો તેમનાં પર પડે છે, તેથી ઘરનું વાતાવરણ પવિત્ર રાખવું અને માતાપિતાએ સદાચારી તથા સંયમી બનવું એ બાળકોને સંસ્કારી બનાવવા માટે આવશ્યક છે. જે ઘરમાં પતિ–પત્ની સદા લડતા હોય છે, નાના મોટા વચ્ચે કોઇ ને કોઇ પ્રકારનો વિખવાદ ચાલતો હોય છે અને એકબીજાનું માન સચવાતું નથી કે જોઇતા વિનયનો અભાવ હોય છે, ત્યાં બાળકોના મન પર કુદરતી રીતે જ ઈર્ષ્યા, દ્વેષ, ક્રોધ ને હિંસાના સંસ્કારો પડવા માંડે છે. એટલે બાલ્યાવસ્થાથી

બાળકના મનમાં ધર્મના સંસ્કારો રેડવા હોય તો માતાપિતા અને વડીલો દ્વારા જ તે કાર્ય થઈ શકે છે કે જેને તેમણે પોતાનું મહત્ કર્તવ્ય સમજીને બજાવવું જોઈએ.

સામાન્ય રીતે દરેક માબાપ પોતાના બાળકોના હિતસ્વી હોય છે, પણ તેમનું ખરું હિત કેવી રીતે કરી શકાય તેની યોગ્ય સમજણના અભાવે, તેઓ ખોટા લાડ લડાવે છે, અને કુસંસ્કારોનું આરોપણ કરે છે. બહુ મીઠાઈઓ ખવડાવવી, ગાળો બોલતાં શીખવવી કે તેને ગમે તે પ્રકારની મસ્તી કરવામાં ઉત્તેજન આપવું, એમાં બાળકનું હિત કેવી રીતે રહેલું છે, તે સમજાતું નથી. એને બદલે જો માબાપો પોતાના બાળકને નાનપણથી જ વિનય શિખવે, પદ્ધતિસરનો સાદો અને નિયમિત ખોરાક આપે તથા તેની નાની મોટી ટેવો સુધારવાનો પ્રયત્ન કરે તો તેઓ તેનું કેટલું બધું વધારે હિત કરી શકે ? બાળક નીરોગી રહે અને તેના શરીરનું બંધારણ સુદૃઢ થાય તેવા ઉપાયો લેવામાં કોઈ પણ જાતનો વાંધો નથી પણ તેની તમામ કેળવણી તેને સદાચારી અથવા ધાર્મિક બનાવવાની દૃષ્ટિએ જ યોજાવી જોઈએ. આ રીતે કેળવણી પામેલાં બાળકો બાલ્યાવસ્થાથી જ 'ધર્મનું આચરણ' એક યા બીજા પ્રકારે કરતાં થઈ જાય છે. આ અવસ્થામાં પ્રથમ બાળકોને દેવદર્શને જવાની અને સદ્ગુરુને વંદન કરવાની ટેવ અવશ્ય પાડવી જોઈએ. વિનયનો વિકાસ, વડીલો પ્રત્યે પૂજ્યભાવ, સંસ્કારી ભાષા અને પોતાનાં કર્ત્તવ્યોનું દૃઢતાથી પાલન કરવાની ટેવ એ બાલ્યાવસ્થાનું ધાર્મિક આચરણ છે. અને

ભજન-કીર્તન, સ્તવન-સ્વાધ્યાય તથા સામાયિક-પ્રતિક્રમણ આદિ ક્રિયાઓમાં રસ લેતાં કરવાં જોઈએ.

બાળકો ધર્મનું આચરણ ન કરી શકે, એ વાત ઇતિહાસને મંજૂર નથી. ધ્રુવે પોતાની ભક્તિ કેટલામા વર્ષે શરૂ કરી હતી ? પ્રહ્લાદે પ્રભુ નામમાં રહેલો પોતાનો અટલ વિશ્વાસ કેટલામા વર્ષે પ્રકટ કર્યો હતો ? શ્રીમચ્છંકરાચાર્યે પોતાની વૈરાગ્ય વૃત્તિનો પરિચય કઈ અવસ્થામાં આપ્યો હતો ? શ્રીમદ્ વજ્રસ્વામીજી અને શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીએ સંયમનું શિક્ષણ કેટલામા વર્ષે લીધું હતું ? એટલે બાળકોએ ધર્મની આરાધના સુંદર રીતે કર્યાના દાખલાઓ સેંકડોની સંખ્યામાં મોજુદ છે.

ભારતની પ્રાચીન પ્રણાલિકા મુક્તિ માટે જ વિદ્યા આપવાની હતી અને તેથી જ એ સૂત્ર પ્રચલિત થયેલું છેઃ "**ज्ञानस्य फलं विरतिः**" અર્થાત્ તે જ જ્ઞાન સાચું કે જે વિરતિ કહેતાં ત્યાગરૂપ ફળને આપે. એવું જ બીજું સૂત્ર પણ પ્રચલિત છે કે '**सा विद्या या विमुक्तये**' તે જ વિદ્યા છે કે જે સંસારના બંધનમાંથી મુક્તિ આપે છે. એ પ્રણાલિકા અનુસાર વિદ્યાનો પ્રારંભ '**ॐ नमः सिद्धाणं**' એ પવિત્ર વાકયથી થતો હતો. પછી પણ બાળકને ભાષા, વ્યાકરણ આદિનું જે જ્ઞાન આપવામાં આવતું હતું તેમાં ધાર્મિક દૃષ્ટાંતો અને ધાર્મિક દૃષ્ટાંતપૂર્વક યોજાયેલી વાકયરચનાઓનો પ્રચુર પ્રયોગ થતો હતો. એની સરખામણીમાં આજની શિક્ષણ પ્રણાલિકા અને તેમાં વપરાતાં પાઠ્ય-પુસ્તકો છેક જ નિર્માલ્ય અને ધ્યેયવિહૂણાં જણાય છે. એની શરૂઆત 'મા ચા પા' અને 'મા ભૂ પા' એવાં એવાં વિચિત્ર વાકયપ્રયોગોથી થાય છે કે જેનું પરિણામ બાળકને વ્યસની અને પરાવલંબી

બનાવવામાં આવે છે. વૈજ્ઞાનિક ઢબની કેળવણી આપવાના નામે કે ધર્મથી નિરપેક્ષ રાજ્યના નાગરિકો બનાવવાના નામે આજે શિક્ષણના ક્ષેત્રમાં જે છબરડાઓ વળી રહ્યા છે અને જે વિકૃતિઓ દાખલ થઇ રહી છે, તે આપણી ધાર્મિક ભાવનાનો સદંતર સંહાર કરનારી છે અને આપણા નૈતિક ધોરણને જડમૂળથી ઉખેડી નાખનારી છે.

આપણા દેશમાં સને ૧૮૫૦ પછી કહેવાતી વૈજ્ઞાનિક કેળવણી દાખલ થવા માંડી અને તેનો ખરો પ્રચાર છેલ્લા પચાશ વર્ષમાં થયો. તેનું પરિણામ એકંદર શું આવ્યું ? તે શિક્ષણ લેનારો આજનો અધિકારી વર્ગ લાંચ–રૂશ્વત અને બેવફાઇના બેનમૂન પ્રદર્શનો ભરી રહ્યો છે; તે શિક્ષણ લેનારો આજનો વ્યાપારી વર્ગ કાળા બજારો કરીને નિષ્ઠુર સ્વાર્થ–સાધના કરી રહ્યો છે તથા રાજ્ય અને પ્રજાના હિતમાં થયેલા કાયદાઓ પગલે પગલે તોડીને પોતાની ધનલાલસાને સંતોષી રહ્યો છે. અને તે શિક્ષણ લેનારો આજનો કારકુન કે કારીગર માલિકને વફાદાર રહીને યોગ્ય પરિશ્રમ કરવાને બદલે માત્ર પોતાના સ્વાર્થનો જ વિચાર કરી રહ્યો છે અને તેની સાધના માટે ‘ હડતાળ ’ ‘ ધાકધમકી ’ ‘ બેઠો બળવો ’ અને તેવા કઇં કઇં ઉપાયો કામમાં લાવી રહ્યો છે. આ શિક્ષિતોના પ્રમાણમાં અભણ ગણાતી ગામડાની પ્રજા તથા બીજા પણ અશિક્ષિત લોકો વધારે પ્રમાણિક, વધારે વફાદાર અને વધારે નીતિવાળા જણાય છે, કારણ કે તેઓ ભારતની ધાર્મિક સંસ્કૃતિના અનેક અંશોને પોતાના રીતરિવાજમાં અને ચાલુ જીવનમાં જાળવી રહ્યા છે. તાત્પર્ય કે–ધર્મ સંસ્કારોને ઇચ્છનાર મનુષ્યોએ

આજની શિક્ષણ પ્રણાલિકા અને બાળકો પર થઈ રહેલી માઠી અસરનો વિચાર ખૂબ ગંભીરતાથી કરવાની જરૂર છે.

જેઓ બાલ્યાવસ્થામાં ધર્મના સંસ્કારોવડે સુવાસિત થયેલા છે અને યોગ્ય શિક્ષણના પ્રતાપે ઉચ્ચ આદર્શો, ભવ્ય ભાવનાઓ કે ધર્મના વાસ્તવિક આચરણો જીવનમાં ઉતારવાની તાલાવેલી અનુભવી રહ્યા છે, તેમને માટે યુવાવસ્થા એક મહાન આશીર્વાદ છે; કારણ કે એ અવસ્થામાં જે જોમ અને જુસ્સો સ્વાભાવિક હોય છે, તેનો લાભ તેઓને પોતાના આદર્શોની સિદ્ધિ કરવા માટે મળી જાય છે. બીજી રીતે કહીએ તો સુસંસ્કારી બાળકો-ધાર્મિક સંસ્કારવાળા બાળકો યુવાવસ્થાને સંયમ અને સદાચાર વડે શોભાવે છે તથા તેને પોતાના અભ્યુદયનું ઉત્તમ સાધન બનાવે છે. આ રીતે તૈયાર થયેલા યુવકો એવું માનવા કદી પણ તૈયાર નહિ થાય કે:—

પૈસો મારો 'પરમેશ્વર', બાયડી મારો 'ગુરુ';
છોકરાં મારાં શાલિગ્રામ, બીજા કોની સેવા કરું ?

અર્થાત્ ધનપ્રાપ્તિને તે પોતાનું જીવનધ્યેય બનાવશે નહિ, લગ્ન જીવનને તે પોતાનો અંતિમ આદર્શ માનશે નહિ અને પોતાનું દૃષ્ટિબિંદુ માત્ર પોતાનાં કુટુંબ-પરિવાર જેટલું જ મર્યાદિત રાખશે નહિ. તે જીવનનો વિચાર સૂક્ષ્મ રીતે કરશે, વધારે વ્યાપક દૃષ્ટિથી કરશે અને સંપૂર્ણ મધ્યસ્થતાપૂર્વક કરશે.

યુવાનીનો ઉત્તમ કાળ તુચ્છ વિષયભોગમાં પૂરો કરવામાં કઈ બુદ્ધિમતા રહેલી છે ? કઈ જાતનું ડહાપણ દેખાય છે ? જેઓ એમ કહે છે કે-પહેલા અમને ખૂબ પૈસા પેદા કરી લેવા

દો, જીવનની મોજ પેટ ભરીને માણી લેવા દો, પછી અમે ધર્મનું શરણુ સ્વીકારીશું, પછી અમે પરમાત્માના ગુણ ગાઈશું અને પછી અમે આત્માનો ઉદ્ધાર કરવાને તત્પર થઈશું.' તેમને શું કહેવું? શું તેમને કાળ મહારાજની સદા ગડગડતી નોબતો સંભળાતી નહિ હોય? શું તેમને રોગ અને વ્યાધિથી જર્જરિત થવાનો ભય જરાયે જણાતો નહિ હોય? શું તેમને બધા સંયોગો અનુકૂળ રહેવાની ખાતરી કોઈએ કરી આપી હશે? શું પ્રતિક્ષણે પરિવર્તન પામતા આ જગતના અબાધિત કાયદાઓ તેમને લાગુ નહિ પડે, એમ તેઓ માનતા હશે?

દુનિયાદારીમાં ડાહ્યા અને શાણા ગણાતા માણસો એ વિચાર કેમ કરતા નથી કે કાળરૂપી બાજ (પક્ષી) ગમે ત્યારે આપણા પર તૂટી પડશે, રોગ અને વ્યાધિરૂપી વરૂઓ આપણને ગમે ત્યારે ફાડી ખાશે, અનુકૂળ સંયોગો સંધ્યાના રંગની માફક ગમે ત્યારે પલટાઈ જશે અને કુદરતના અચૂક કાયદાઓ પોતાનો અમલ પળવારને માટે પણ મુલતવી રાખશે નહિ? અને ખૂબ પૈસો પેદા કરવાથી મનુષ્ય ખરેખરો સુખી થાય છે ખરો? પૈસો એ સુખનું સાધન છે—જો યોગ્ય રીતે ઉપયોગમાં લેવાય તો; પણ તે ખરેખર સુખ નથી. સુખનો આધાર તો પોતાની સમજ ઉપર જ રહેલો છે અને તેથી જ પૈસાદારો દુઃખી હોય અને ગરીબો સુખી હોય, અથવા માલેતુજારો આફતમાં સપડાયેલા હોય અને નિષ્કંચન ફકીરો તથા મહાત્માઓ પૂરી મોજ માણી રહ્યા હોય એવાં દૃશ્યો નજરે પડે છે. એટલે જે હેતુથી પ્રેરાઈને તેઓ ધનપ્રાપ્તિ માટે પાગલ બને છે અને ન

કરવાનાં અનેક કાર્યો કરે છે, તે હેતુ જ ભૂલભરેલો છે અથવા તો માત્ર કાલ્પનિક છે. વળી જીવનની મોજ માત્ર ખાવા-પીવામાં, માત્ર વિષયભોગમાં કે તદ્દન અનિયંત્રિત સ્વચ્છંદી જીવનમાં રહેલી છે, એવું માનવું તે પણ સરાસર ભૂલ છે. એ તો અનાદિ કાલના કુસંસ્કારોને લીધે ઉત્પન્ન થતો અધ્યાસ માત્ર છે અને તેમાં વાસ્તવિક તત્ત્વ કાંઇ નથી. ખાવાપીવાનો આનંદ કેટલો સમય પહોંચે છે? અને જેઓ બેકાબૂ બનીને તેમાં રચ્યાપચ્યા રહે છે, તેનું પરિણામ શું આવે છે? તે જ સ્થિતિ વિષયભોગની છે, તે જ સ્થિતિ સ્વચ્છંદાચારની છે અને તે જ સ્થિતિ માની લીધેલાં સઘળાં કાલ્પનિક સુખોની છે. એટલે તેને માટે જીવનનો કિંમતી સમય બરબાદ કરવો અને મૂળ લક્ષ્યને ચૂકી જવું એ કોઈ પણ રીતે ડહાપણભરેલો વ્યવહાર નથી, કે ઉન્નતિ યા વિકાસ તરફ લઇ જનારી પ્રવૃત્તિ નથી. ઘડપણમાં ભગવાનનું ભજન કરવાની કે ઇશ્વરના ગુણ ગાવાની ઇચ્છા રાખનારાઓ ભરજુવાનીમાં મૃત્યુના મુખમાં સપડાઇ ગયા છે; વૃદ્ધાવસ્થામાં ધર્મનું આચરણ કરવાની આશા રાખનારાઓ યુવાનીની અધવચ્ચે જ કાળના કરાલ દંડથી મરણને શરણ થયા છે. એ વખતે તેઓએ પેટ ભરીને પસ્તાવો કર્યો છે કે 'અરેરે! અમારી સર્વ આશાઓ અધૂરી રહી! અરેરે અમોને પ્રાપ્ત થયેલો અમૂલ્ય મનુષ્ય ભવ અમે હારી ગયા!!' પરંતુ આગ લાગી ગયા પછી કૂવો ખોદવાનું પરિણામ શું આવે? તેઓ હાથ ઘસતા જ ચાલ્યા ગયા અને ફરીને લખચોરાશીના ચક્કરમાં આબાદ અટવાઇ ગયા. તેથી યુવાવસ્થામાં બને તેટલું ધર્માચરણ કરી લેવું એ હિતાવહ છે.

જુવાની જોતજોતામાં વહી જાય છે અને ઘડપણના ઘંટાનાદ સંભળાવા લાગે છે. જો માણસને સાંભળવા માટે કાન હોય તો એ ઘંટાનાદ જોર જોરથી કહે છે કે–ઓ મનુષ્ય ચેત! ચેત!! ચેત!!! મૃત્યુની સવારી પ્રતિપળે નજીક આવી રહી છે, તેના દૂતો સમા અનેકવિધ વ્યાધિઓ તારા પર હુમલો કરવાની તૈયારી કરી ચૂકયા છે અને તારું પોતાનું શરીર પણ પ્રતિદિન ઘસાતું ચાલ્યું છે. હવે તારી આંખો જોઇએ તેવું કામ આપતી નથી, હવે તારા કાનો મહામહેનતે સાંભળી શકે છે અને હવે તારાં અવયવો ધ્રૂજતાં ધ્રૂજતાં માંડ માંડ તારી કાયાને ટેકવી રાખે છે. પરંતુ સુંદરી, સુવર્ણ અને સત્તાનો શોખીન મનુષ્ય જાણે સાવ બહેરો છે! તે એમાંની કોઈ પણ ચેતવણી ધ્યાનમાં લેતો નથી અને પોતાના પુરાણા ઢંગે જ જીવનનું ગાડું ગબડાવ્યે જાય છે. આટલી ઉમરમાં તેણે ધન, યૌવન અને અધિકારની ચપળતા પૂરેપૂરી જોઈ લીધી છે, આટલી વયમાં તેણે શરીરની ક્ષણભંગુરતાનો પૂરેપૂરો પરિચય કરી લીધો છે, છતાં તેની ધનલાલસા છૂટતી નથી, યૌવનની ઊર્મિ ફરી પ્રગટે તેવી આશા રાખી રહ્યો છે અને અધિકાર તથા પ્રતિષ્ઠાના કેફમાં ચકચૂર થઇને જાણે હવે પછી કાંઈ જ બનવાનું ન હોય તેમ છેક જ બેફીકરાઈ બતાવી રહ્યો છે! આવા મનુષ્યો પશ્ચાત્તાપ સિવાય બીજી કઈ વસ્તુઓના અધિકારી હોઈ શકે? અને બેવકુફાઇ તો જુઓ કે તેઓ મૃત્યુને ટાળવાનો પ્રયત્ન કરી રહ્યા છે! તે માટે તેઓ અનેક જાતનાં ઔષધો અને રસાયણોનું સેવન કરે છે, અતિ ભારે કિંમતની ભસ્મ અને માત્રાઓનો આશ્રય લે છે, અથવા કાયાકલ્પ જેવા

પ્રયોગો કરીને મૃત્યુને હડસેલો મારવાનો પ્રયત્ન કરે છે !! પણ કાળ તો બરાબર સમયસર આવીને ઊભો રહે છે. તેમાં એક વિપળનો વિલંબ પણ ચાલી શકતો નથી. તેથી જ એક કવિ આખી જિંદગી ધન કમાવામાં પૂરી કરનાર મનુષ્યને મૃત્યુ-સમયે પૂછે છે કેઃ-

**भव सघलुं कमाइउं, केसउ आविउं भागि ?।**
**गाडुं भरिउं लकुडां, खोखरि हंडि आगि ॥**

હે ભાઇ ! તું આખી જિંદગી સુધી કમાયો, તેમાંથી તારા ભાગમાં શું આવ્યું ? ગાડું ભરીને લાકડાં અને આગળ એક ખોખરું હાંડલું કે બીજું કાંઈ ?

એક કવિ મનુષ્ય સ્વભાવની વિચિત્રતા પર કટાક્ષ કરતાં જણાવે છે કે-

જ્યાં બે પહોર જવાપણું, ત્યાં જીવ સંબલ લેહ;
જ્યાં ચોરાશી લાખનું ભ્રમણ, કેમ વિલંબ કરેહ.

મનુષ્યને બે પહોરનું ગામતરું કરવું હોય તો પણ સાથે ભાતું લઈ જાય છે. જ્યારે ચોરાશી લાખ યોનિમાં પ્રવાસ કરવાના પ્રસંગે ભાતું લેવામાં કેમ વિલંબ કરતો હશે ? અર્થાત્ સુજ્ઞ મનુષ્યે પરલોકના પ્રવાસ માટે આવશ્યક ભાતું અગાઉથી જ તૈયાર કરી લેવું જોઈએ કે જેનું નામ ધર્માચરણ છે.

વૃદ્ધાવસ્થા એ ધર્માચરણ કરી લેવા માટેની છેલ્લી તક છે. જો એમાં પણ મનુષ્ય નિષ્ફળ ગયો તો સમજવું કે તેના માટે અનંત કાળ સુધી ભવભ્રમણ નિર્માયેલું છે. આવું અધઃ-પતન અટકાવવા માટે જ જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે—

"महता पुण्यपण्येन, क्रीतेयं कायनौस्त्वया ।
पारं भवोदधेर्गन्तुं, त्वर यावन्न भिद्यते ॥"

પુણ્યરૂપી ઘણું મૂલ્ય ચૂકવીને તેં આ શરીરરૂપી નૌકાને ખરીદેલી છે, માટે તેનો નાશ થાય તે પહેલાં જ તેના વડે ભવસાગરને તરી જવાની ઉતાવળ કર. અને—

"संपदो जलतरङ्गविलोला, यौवनं त्रिचतुराणि दिनानि ।
शारदाभ्रमिव चञ्चलमायुः, किं धनैः ? कुरुत धर्ममनिंद्यम् ॥"

સંપત્તિ જલના તરંગ જેવી અસ્થિર છે, યૌવન ત્રણ ચાર દિનની ચાંદની જેવું છે, આયુષ્ય શરદ ઋતુના વાદળ જેવું ક્ષણિક છે, તેથી ધન કમાયે શું થશે? તે માટે પવિત્ર ધર્મનું જ આચરણ કર.

## ધર્મ.

ડાહ્યા માણુસોએ પ્રાપ્ત થયેલા મનુષ્યત્વને જીવનની સર્વ અવસ્થામાં **ધર્મમાં** ( धम्मंमि ) સારી રીતે જોડી રાખવાનું છે. એટલે ધર્મ સંબંધી વિશેષ વિચારણા કરવી આવશ્યક છે.

સઘળા આર્ય મહર્ષિઓ એ બાબતમાં એકમત છે કે—

"वपुषोऽपूर्ववृक्षस्य, धर्मोऽस्ति मूलकारणम् ।
विवेकादीनि पुष्पाणि, सुपत्राणि शमादयः ॥"

આ શરીરરૂપી અલૌકિક વૃક્ષનું મૂળ કારણ ધર્મ છે. વિવેકાદિ તેનાં પુષ્પો છે અને શમાદિ ગુણો તેનાં સુંદર પત્રો છે. અને તેમણે એ વાત દૃઢતાપૂર્વક જણાવી છે કે—

"धर्मो धनं मनुष्याणां, धर्मो रक्षति सर्वदा ।
नास्ति धर्मसमो बन्धुः, सेवनीयः सदैव हि ॥"

મનુષ્યનું પરમ ધન ધર્મ છે, ધર્મ સદા રક્ષણ કરે છે, ધર્મ સમાન અન્ય કોઇ મિત્ર નથી, માટે સદૈવ ધર્મનું સેવન કરવું જોઇએ.

"धम्मेण कुलप्पसूई, धम्मेण य दिव्वरूवसंपत्ती ।
धम्मेण धणसमिद्धी, धम्मेण सवित्थरा कित्ती ॥"

ધર્મવડે ઉચ્ચ કુલમાં જન્મ થાય છે, ધર્મવડે દિવ્ય રૂપ અને સંપત્તિ પ્રાપ્ત થાય છે, ધર્મવડે ધન અને સમૃદ્ધિ મળે છે તથા ધર્મવડે જ કીર્તિનો વિસ્તાર થાય છે.

ધર્મની વ્યાખ્યા જુદા જુદા મહર્ષિઓએ જુદી જુદી રીતે કરેલી છે. જેમ કે—

अ. જે ક્રિયા કે અનુષ્ઠાન કરવાથી ઐહિક તથા પારલૌકિક સ્વર્ગાદિ સુખની તથા આત્મ–કલ્યાણની પ્રાપ્તિ થાય તે ધર્મ.

आ. જેને ધારણ કરવાથી ઇષ્ટાર્થની પ્રાપ્તિ થાય તે ધર્મ.

इ. જેનું ફળ અનિષ્ટકારક ન હોય અને જે સુખ માત્રને ઉત્પન્ન કરે તે ધર્મ. વગેરે વગેરે.

પરંતુ એ બધામાં નીચેની વ્યાખ્યા વધારે વિશદ અને વધારે વ્યાપક જણાય છે.

'दुर्गतिप्रपतज्जंतुधारणाद्धर्म उच्यते ।' [ યોગશાસ્ત્ર ]

દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારણ કરનાર–બચાવનાર હોવાથી તે ધર્મ કહેવાય છે. એટલે જેનું અનુસરણ કરવાથી પ્રાણી-

ઓની દુર્ગતિ ન થાય પણ સદ્ગતિ થાય તેને ધર્મ સમજવાનો છે. આ વ્યાખ્યાનો ફલિતાર્થ એ છે કે–જે સાધનોથી અધઃપતન અટકતું હોય અને આત્મવિકાસનો માર્ગ ખુલ્લો થતો હોય તે સઘળાં સાધનોનો સમાવેશ ધર્મમાં થાય છે, પછી તે 'ભક્તિ' હોય, 'જ્ઞાન' હોય, 'કર્મ' હોય, 'ત્યાગ' હોય, 'વૈરાગ્ય' હોય 'જપ' હોય, 'તપ' હોય કે 'યોગ' વગેરે કોઈ પણ પ્રક્રિયા હોય.

એક નિર્ગ્રંથ જૈન મહર્ષિને કોઇ જિજ્ઞાસુએ પૂછ્યું કે 'હે પૂજ્ય! ધર્મની વ્યાખ્યા જુદા જુદા મહર્ષિઓ જુદી જુદી રીતે કરે છે અને તેના સ્વરૂપ સંબંધી પણ તેઓ એકમત નથી; તો 'ધર્મ' શબ્દથી મારે શું સમજવું?' નિર્ગ્રંથ મહર્ષિએ તેનો ઉત્તર આપ્યો કે—

"जं अप्पह न सुहायई, तं पुण परह न वंछिअई।
धंमह एहज मूलु, काहुं वलि वलि पुच्छिअई? ॥"

હે મહાનુભાવ! વારંવાર શા માટે પૂછે છે? ટૂંકમાં તને જણાવું છું કે–જે કાર્ય પોતાને સુખકર ન લાગતું હોય, તે બીજા પ્રત્યે ઇચ્છવું નહિ, એ ધર્મનું મૂળ છે. એટલે કે જે જે ક્રિયાઓ આત્મૌપમ્ય અથવા સમભાવના સિદ્ધાંત પર રચાયેલી છે તે સઘળી ધર્મ છે અને તેનાથી ભિન્ન સર્વ ક્રિયાઓ અધર્મ છે.

એક અન્ય નિર્ગ્રંથ મહર્ષિએ શિવસુખના ઉપાયરૂપ ધર્મનું જે સ્વરૂપ બતાવ્યું છે, તે પણ તેટલું જ વિશદ અને તેટલું જ વ્યાપક છે. તેઓ કહે છે કે—

"जत्थ य विसयविराओ, कसायच्चाओ गुणेसु अणुराओ ।
किरिआसु अप्पमाओ, सो धम्मो सिवसुहोवाओ ॥"

જેમાં કે જેનાવડે ઇંદ્રિયોના સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દના વિષયો વિરામ પામે, જેનાવડે ક્રોધ, માન, માયા (કપટ) અને લોભ એ ચાર કલુષિત મનોવૃત્તિઓનો ત્યાગ થાય, જેનાવડે સદ્ગુણ પ્રત્યે અનુરાગ થાય અને જેનાવડે આવશ્યક ક્રિયાઓમાં અપ્રમત્ત બનાય તે ધર્મ શિવસુખનો-મોક્ષસુખનો ઉપાય છે.

બીજા પણ એક નિર્ગ્રંથ મહર્ષિએ સંસારનું પરિભ્રમણ અટકાવનારા ધર્મનું જે સ્વરૂપ બતાવ્યું છે તે પુનઃ પુનઃ વિચારણીય છે. તેઓ કહે છે કે—

"पच्चक्खाणं पूआ पडिक्कमणं, पोसहो परुवयारो ।
पंच पयारा जस्स उ, न पयारो तस्स संसारो ॥"

**પ્રત્યાખ્યાન**-પાપકર્મોનો ત્યાગ, **પૂજા** એટલે આત્મ-વિકાસની અંતિમ ટોચે પહોંચેલા મહાપુરુષોની ભક્તિ; **પ્રતિક્રમણ** એટલે જીવનનું સૂક્ષ્મ સંશોધન અને તેમાં પ્રવેશેલા અસત્ અંશોના ત્યાગપૂર્વક મૂળ સ્વરૂપની પુનઃપ્રાપ્તિ, **પૌષધ** એટલે ધર્મભાવના પુષ્ટ થાય તેવી રીતે પર્વતિથિ વગેરે દિવસોમાં કરવામાં આવતી ઉપવાસ અને બ્રહ્મચર્ય વગેરે પૂર્વકની ક્રિયા કે જેમાં સાધુજીવનનો અનુભવ થાય છે. તથા **પરોપકાર** એટલે અન્ય પ્રાણીઓનું ભલું કરવાની ઈચ્છા તથા પ્રવૃત્તિ. એ પાંચ પ્રકારો જ્યાં હાજર હોય છે ત્યાં સંસારનો પ્રચાર-ભવભ્રમણ હોતું નથી.

નિર્ગ્રંથ મહર્ષિઓએ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજાવવા

માટે તેનું વર્ણન વિવિધ દૃષ્ટિબિંદુઓથી વિવિધ પ્રકારે કરેલું છે. એ બધાનો સાર એ છે કે–ધર્મ એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર પ્રકારે, પાંચ પ્રકારે, છ પ્રકારે યાવત્ અનેક પ્રકારે થઇ શકે છે. જેમ કે—

૧. આત્મવિશુદ્ધિને કરનારી કોઇ પણ ક્રિયા તે ધર્મનો એક પ્રકાર.

૨. જ્ઞાન અને ક્રિયા તે ધમના બે પ્રકાર.

૩. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, તે ધર્મના ત્રણ પ્રકાર.

૪. દાન, શીલ, તપ અને ભાવના તે ધર્મના ચાર પ્રકાર.

૫. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને મમત્વત્યાગ તે ધર્મના પાંચ પ્રકાર.

૬. સમભાવ, ભક્તિ, વિનય, આત્મનિરીક્ષણ, ધ્યાન અને ત્યાગ તે ધર્મના છ પ્રકાર.

તે જ રીતે સાત પ્રકારના ભયોનું જેનાથી નિવારણ થાય તે ધર્મના સાત પ્રકાર, જેના વડે આઠ કર્મોનો ક્ષય થાય તે ધર્મના આઠ પ્રકાર, જેનાવડે નવ પ્રકારની બ્રહ્મચર્ય ગુપ્તિને ધારણ કરી શકાય તે ધર્મના નવ પ્રકાર અને જેનાવડે ક્ષમા આદિ દશવિધ યતિધર્મનું પાલન થાય તે ધર્મના દશ પ્રકાર. વગેરે વગેરે.

એટલે મનુષ્યપણું પામીને જે ધર્મની આરાધના કરવાની છે તે નિર્ગ્રંથ મહર્ષિઓએ બતાવેલો વિવિધ પ્રકારનો છતાં

એક જ આત્મધર્મ છે અને તેનું પાલન જાતિ, વર્ણ, લિંગ કે રાષ્ટ્રના ભેદ સિવાય હરકોઈ મનુષ્ય કરી શકે છે.

## પ્રશસ્ત પ્રયાસ.

અતિ દુર્લભ મનુષ્યત્વને ધર્મમાર્ગમાં કેવી રીતે જોડવું તેના પ્રત્યુત્તરમાં सम्मं પદ મૂકાયેલું છે. તેનો અર્થ એ છે કે-આપણા જીવનને ધર્મમાર્ગમાં 'સારી રીતે' જોડવું, 'સમ્યક્ પ્રકારે' જોડવું કે 'પ્રશસ્ત પદ્ધતિથી' જોડવું. વધારે સ્પષ્ટ કહીએ તો આપણા તરફથી ધર્મને જીવનમાં ઉતારવા માટે જે પ્રયાસ થાય તે 'મિથ્યા,' 'મામુલી' કે 'મુડદાલ' હોવો જોઇએ નહિ.

જે પ્રયાસની દિશા જ ખોટી છે તે 'મિથ્યા' છે. રેતીને વારંવાર પીસવા છતાં તેમાંથી તેલનું ટીપું નીકળતું નથી; ખારાપાટમાં ગમે તેવા ઉત્સાહથી ખેતી કરવામાં આવે પણ તેમાંથી કાંઈ ધાન્ય નિપજતું નથી; કારણ કે તે પ્રયાસની દિશા ખોટી છે.

જે પ્રયાસ જોઈએ તે કરતાં ઘણો જ ઓછો હોય અથવા નામમાત્રનો હોય તે 'મામુલી' છે. લાખ યોજનની મુસાફરી પગપાળા કે રગશિયા ગાડાવડે થઈ શકતી નથી; ખેતીનું વિરાટ કાર્ય જમીનને નખવડે ખોતરવા માત્રથી સિદ્ધ થઇ શકતું નથી; કારણ કે તે પ્રયાસ મામુલી છે.

જે પ્રયાસમાં દિલની ઊંડી તમન્ના નથી કે મન, વચન અને કાયાનું સાચું સમર્પણ નથી તે 'મુડદાલ' છે. રોતો ગયેલો મૂઆના સમાચાર લાવે છે; પરાણે પ્રીત કરનારો પશ્ચાત્તાપનો ભાગી થાય છે, કારણ કે તેમનો પ્રયાસ મુડદાલ છે.

એટલે જે પ્રયાસ કરવામાં આવે તે ‘ મિથ્યા ’ નહિ પણ ‘ સાચો ’ હોવો જોઇએ; જે પ્રયાસ કરવામાં આવે તે ‘ મામુલી’ નહિ પણ ‘ મહાન ’ હોવો જોઈએ; અને જે પ્રયાસ કરવામાં આવે તે ‘ મુડદાલ ’ નહિ પણ ‘ પ્રાણવાન ’ હોવો જોઇએ.

## તાત્પર્ય.

આર્ષ પુરુષોએ આપેલા જવાબનું વિવેચન અહીં પૂરું થાય છે. તેનું તાત્પર્ય એ છે કે–મનુષ્યભવ વારંવાર મળતો નથી કે તે સહેલાઈથી પ્રાપ્ત થતો નથી. એટલે તેની પ્રાપ્તિને ધર્મનું આરાધન કરવા માટેની **પહેલી અને મહાન તક** લેખવી જોઇએ. જ્યાં સુધી મનુષ્યોને એ ભાન થયું નથી કે તેમને પ્રાપ્ત થયેલું મનુષ્યત્વ એ શાશ્વત સુખને પ્રાપ્ત કરવા માટેની એક અણમોલ તક છે, ત્યાં સુધી તેનો વિકાસ કે અભ્યુદય શક્ય નથી.

**મનુષ્યભવ જ એક એવો ભવ છે કે જેમાં સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની સંપૂર્ણ આરાધના થઇ શકે છે, આત્માની ઉત્તરોત્તર ઉન્નતિ કરી શકાય છે અને સકલ કર્મના ક્ષયવડે મંગલમય મુક્તિ પણ માનવ દેહથી જ મેળવી શકાય છે. મુક્તિ મેળવવા માટે મનુષ્યભવ સિવાય અન્ય કોઇ સાધન નથી, તેથી દેવ ભવ કરતાં પણ મનુષ્યનો ભવ ઉત્તમ મનાયો છે. એની આ ઉત્તમતાનો સંપૂર્ણ લાભ લેવો એ સુજ્ઞજનોનું પ્રથમ કર્તવ્ય છે.**

: ૨ :

## तक बीजी

# આર્ય દેશ.

મનુષ્યો જુદી જુદી ભૂમિમાં, જુદા જુદા ક્ષેત્રોમાં કે જુદા દેશોમાં જન્મે છે. આ ભૂમિઓ, ક્ષેત્રો કે દેશોનો મોટો ભાગ એવો હોય છે કે જ્યાં ધર્મમાર્ગનો વ્યવસ્થિત વિકાસ થયેલો હોતો નથી, ધર્મનું આરાધન કરવા માટેનાં વિવિધ સાધનો હાજર હોતાં નથી અને ધર્માભિમુખ થઇને ધાર્મિક જીવન ગાળી શકાય તેવા કોઇ સંયોગોની હસ્તી હોતી નથી. વળી અહીં આર્યત્વ એટલે 'હેય વસ્તુઓને છોડીને ગુણપ્રાપ્તિ માટે મથવાપણું' કે 'નિષ્કર્મણ્યતાનો ત્યાગ કરીને કર્ત્તવ્ય-

માર્ગે આગળ વધવાપણું ' હોતું નથી.* તેથી મનુષ્યત્વને સફલ કરવાની તક ઘણી જ ઓછી હોય છે.

આ ' અનાર્ય ભૂમિઓ ' ' અનાર્ય ક્ષેત્રો ' કે ' અનાર્ય દેશો 'ની સરખામણીમાં 'આર્ય ભૂમિઓ' 'આર્ય ક્ષેત્રો' કે 'આર્ય દેશો'ની સંખ્યા બહુ ઓછી છે કે જ્યાં અર્હંતો–પરમાત્મપુરુષો ઉત્પન્ન થઇને ધર્મમાર્ગનું વ્યવસ્થિત પ્રવર્તન કરે છે, જ્યાં મુનિઓ અને મહર્ષિઓ ભેગા મળીને ધર્મની આરાધના કરવા માટેના વિવિધ સાધનો ઊભાં કરે છે અને જ્યાં સાધુઓ અને સંતો એકઠા થઈને લોકોને ધર્માભિમુખ બનાવવા માટે રાત્રિદિવસ પ્રયાસ કરે છે. આ દેશોનું વાતાવરણ અને આ દેશોની સમાજરચના એવા પ્રકારની હોય છે કે જેમાં આર્યત્વ ઓતપ્રોત થયેલું હોય છે, તેથી ગર્ભાધાનથી માંડીને મૃત્યુ પર્યંત કોઈ પણ મનુષ્ય ધર્મના સંસ્કારો પામી શકે છે અને પોતાને પ્રાપ્ત થયેલા મનુષ્યત્વની સફલતા ઘણી સરલતાથી કરી શકે છે. એટલે આર્ય દેશમાં જન્મ થવો એ માનવ જીવનને સફળ કરવાની બીજી મહાન તક છે કે જેનો લાભ પ્રત્યેક સુજ્ઞ મનુષ્યે લેવો ઘટે છે.

' આર્ય ' અને ' આર્યત્વ ' નો વિચાર પૂર્વ મહર્ષિઓએ કેવી રીતે કરેલો છે, તે જાણી લેવાની જરૂર છે; કારણ કે

---

* ' आरात् सर्वहेयधर्मेभ्यो यातः प्राप्तो गुणैरित्यार्य्यः ॥

[ પ્રજ્ઞાપના સૂત્ર પ્રથમ પદની ટીકા ]

कर्त्तव्यमाचरन् कार्य-मकर्त्तव्यमनाचरन् ॥
तिष्ठति प्रकृताचारे, स वा आर्य्य इति स्मृतः ॥

તેનાથી આપણી આર્યવિષયક કલ્પના વધારે વિશદ અને વધારે સ્પષ્ટ થશે.

તેમણે કરેલા વર્ગીકરણ મુજબ આર્યો મુખ્યત્વે બે પ્રકારના છે. એક તો 'ઋદ્ધિપ્રાપ્ત' અને બીજા 'અઋદ્ધિપ્રાપ્ત'. તેમાં 'ઋદ્ધિપ્રાપ્ત' તેમને કહેવાય છે કે જેઓએ મહાન પુણ્ય ઋદ્ધિ પ્રાપ્ત કરેલી હોય છે અને તેના યોગથી (૧) તીર્થંકરપણું એટલે ધર્મરૂપી તીર્થનું પ્રવર્તન કરવાની યોગ્યતા (૨) ચક્રવર્તીપણું એટલે છ ખંડ ધરતી સાધીને તેને એક છત્ર નીચે લાવવાની તાકાત, (૩) વાસુદેવપણું એટલે ત્રણ ખંડને સાધવાની તાકાત, (૪) બળદેવપણું એટલે વાસુદેવનું જોડિયાપણું. (૫) વિદ્યાધરપણું એટલે વિવિધ વિદ્યાઓને સિદ્ધ કરવાની તાકાત અને (૬) ચારણપણું એટલે ચારણવિદ્યાને (જંઘાચારણ વિદ્યાચારણની) સિદ્ધ કરવાની તાકાત સાંપડે છે. અને 'અઋદ્ધિપ્રાપ્ત' તેને કહેવાય છે કે જેઓ ઉપરના પુરુષોની સરખામણીમાં ઓછી પુણ્ય ઋદ્ધિવાળા છે. આ અઋદ્ધિપ્રાપ્ત આર્યોના (૧) ક્ષેત્ર આર્ય (૨) જાતિ આર્ય (૩) કુલ આર્ય (૪) કર્મ આર્ય (૫) શિલ્પ આર્ય અને (૬) ભાષા આર્ય એવા છ વિભાગો પડી શકે છે.

## ક્ષેત્ર આર્ય. ૧

નીચેના દેશોમાં જન્મ ધારણ કરનારા મનુષ્યો ક્ષેત્ર આર્ય ગણાય છે.

" रायगिह मगह चंपा, अंगा तह तामलित्ति बंगा य ।
कंचणपुरं कलिंगा, वाणारसी चेव कासी य ॥ १ ॥

साकेत कोसला, गयपुरं च कुरु सोरियं कुसट्टा य ।
कंपिल्लं पंचाला, अहिच्छत्ता जंगला चेव ॥ २ ॥
बारवई य सुरट्ठा, विदेह मिहिला य वच्छ कोसंबी ।
नंदिपुरं संडिब्भा, भद्दिलपुरमेव मलया च ॥ ३ ॥
वेराड वच्छ वरणा, अच्छा तहा य मत्तियावइ दसन्ना ।
सुत्तीवइ य चेदी, वीयभयं सींधुसोवीरा ॥ ४ ॥
महुरा य सूरसेणा पावा भंगी य मासपुरी वट्टा ।
सावत्थी य कुणाला, कोडिवरिसं च लाढा य ॥ ५ ॥
सेयविया विय नगरी केगइ–अद्धं च आरियं भणियं ।
जत्थुपत्ति जिणाणं, चक्कीणं रामकण्हाणं ॥ ६ ॥ "

[ બૃહત્કલ્પસૂત્ર, ઉદ્દેશ ૧ ]

" જેમાં જિનેશ્વરો, ચક્રવર્તીઓ, રામ અને કૃષ્ણો (વાસુદેવ અને બળદેવો) ઉત્પન્ન થાય છે, તે આર્યદેશોની ગણતરી આ પ્રમાણે છે.

| દેશ. | મુખ્ય નગરી. | આજનો પ્રદેશ. |
|---|---|---|
| ૧ મગધ | રાજગૃહી(રાજગીર) | બિહાર પ્રાંતનો એક ભાગ |
| ૨ અંગ | ચંપા(ચંપાનાલા) | ભાગલપુર જીલ્લો વગેરે |
| ૩ બંગ | તામ્રલિપ્તિ(તામલૂક) | બંગાળ |
| ૪ કલિંગ | કંચનપુર | ઓરિસા |
| ૫ કાશી | વારાણસી(બનારસ) | યુક્ત પ્રાંત |
| ૬ કોશલ | સાકેત(અયોધ્યા) | યુક્ત પ્રાંત |
| ૭ કુરુ | ગજપુર(હસ્તિનાપુર) | કુરુક્ષેત્ર વગેરે |

| | | | |
|---|---|---|---|
| ૮ | કુશાર્વ | સૌરિય | મથુરાની ઉત્તરનો પ્રદેશ |
| ૯ | પાંચાલ | કાંપિલ્યપુર | ફરક્કાબાદ જીલ્લો વગેરે યુક્ત પ્રાંત |
| ૧૦ | જાંગલ | અહિચ્છત્રા | બરેલી પ્રાંત વગેરે યુક્ત પ્રાંત |
| ૧૧ | સૌરાષ્ટ્ર | બારામતી(દ્વારકા) | સૌરાષ્ટ્ર |
| ૧૨ | વિદેહ | મિથિલા | જનકપુર જીલ્લો વગેરે (બિહાર) |
| ૧૩ | વત્સ | કૌશાંબી(કોસલ) | અલ્હાબાદ જીલ્લો વગેરે |
| ૧૪ | સંદર્ભ કે શાંડિલ્ય | નંદીપુર | યુક્ત પ્રાંત |
| ૧૫ | મલય | ભદ્દિલપુર | હઝારીબાગ જીલ્લો વગેરે બિહાર |
| ૧૬ | મત્સ્ય | વૈરાટ | જયપુર અને અલ્વર રાજ્ય |
| ૧૭ | વરુણ | અચ્છા | યુક્ત પ્રાંત |
| ૧૮ | દશાર્ણ | મૃત્તિકાવતી | માળવાનો ઉત્તર ભાગ |
| ૧૯ | ચેદી | શુક્તિમતી | મધ્ય પ્રાંત |
| ૨૦ | સિંધુ-સૌવીર, | વીતભયનગર | સિંધુ કિનારાનો પ્રદેશ |
| ૨૧ | શૂરસેન | મથુરા | મથુરાની આસપાસનો પ્રદેશ |
| ૨૨ | ભંગી | પાપા | માનભૂમ જીલ્લો વગેરે બિહાર |
| ૨૩ | વર્ત્ત | માસપુરી | .... .... |
| ૨૪ | કુણાલક | શ્રાવસ્તી | અયોધ્યા જીલ્લો વગેરે સંયુકત પ્રાંતનો ઉત્તર ભાગ |
| ૨૫ | કોટિવર્ષ | લાટ | ગુજરાતનો દક્ષિણ ભાગ |
| ૨૫½ | કેતક | શ્વેતાંબી | બિહાર પ્રાંત |

આ ગણના ભરતક્ષેત્રને અનુલક્ષીને સમજવાની છે.

## જાતિ આર્ય. ૨

જેઓ જાતિથી શ્રેષ્ઠ હોય છે, તે જાતિ આર્ય કહેવાય છે. તેનાં નામો બૃહત્કલ્પસૂત્ર નામના પ્રાચીન જૈન ગ્રંથમાં નીચે મુજબ મળે છે.

**" अंबट्ठा य कलंदा, विदेहा विदकाति य।
हारिया तुंतुणा चेव छ एता इब्भजातिओ ॥ "**

અંબષ્ઠ, કલિંદ, વૈદેહ, વિદકાતિ, હારિત અને તુંતુણ એ છ ઇભ્ય જાતિઓ છે, અર્થાત્ જાતિવડે આર્ય ગણાય છે.

## કુલ આર્ય. ૩

જેઓનું કુલ શ્રેષ્ઠ હોય છે, તે કુલ આર્ય કહેવાય છે. તેનાં નામો નીચે મુજબ હોવાનું સૂચન બૃહત્કલ્પસૂત્રમાં મળે છે.

**" उग्गा भोगा राइन्न-खत्तिया तह य णात कोरवा।
इक्खागा विय छट्ठा, आरिया होइ नायवा ॥ "**

ઉગ્ર, ભોગ, રાજન્ય, ક્ષત્રિય, જ્ઞાત, કૌરવ અને ઇક્ષ્વાકુ એ છ કુલોને આર્ય જાણવા અર્થાત્ આ છ વંશના પુરુષો કુલની શ્રેષ્ઠતાને લીધે કુલ-આર્ય કહેવાય છે.

## કર્મ આર્ય. ૪

જે માણુસોનું કર્મ એટલે આજીવિકા અંગેનો ધંધો અલ્પ પાપવાળો હોય છે, તેઓ કર્મ આર્ય ગણાય છે. જેમકે વસ્ત્ર બનાવનારાઓ, સુતર કાંતનારાઓ, માટીનાં વાસણો બનાવનારાઓ, વેપાર કરનારાઓ, ખેતીવાડી કરનારાઓ, ગોપાલન કરનારાઓ વગેરે.

## શિલ્પ આર્ય. ૫

જે માણુસો નિર્દોષ શિલ્પ એટલે કારીગરીવડે પોતાનો નિર્વાહ કરે છે તે શિલ્પ આર્ય કહેવાય છે. સઈ, સુથાર, સાદડી બનાવનાર, તથા એવી જ અન્ય કલાઓવડે નિર્વાહ કરનારા કારીગરો આ વર્ગમાં આવે છે.

## ભાષા આર્ય. ૬

જેઓ અઢાર દેશોમાં સારી રીતે સમજાતી એવી *અર્ધ-માગધી ભાષા બોલે છે, તે ભાષા-આર્ય કહેવાય છે.

આ ઉપરાંત બીજા પણ ત્રણ પ્રકારના આર્યો માનવામાં આવ્યા છે. (૧) દર્શન-આર્ય (૨) જ્ઞાન-આર્ય (૩) ચારિત્ર-આર્ય.

## દર્શન આર્ય. ૧

જે મનુષ્યની જીવન અને જગતને જોવાની 'દૃષ્ટિ' 'સમ્યક્' થયેલી છે, અને તેથી શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય એ પાંચ ગુણો વિકાશ પામેલા છે, તે દર્શન-આય.

**'શમ ગુણનો'** વિકાસ થવો એટલે ગુસ્સો ગળી જવો, અભિમાન ઓગળી જવું, માયા મરી જવી અને આસક્તિ ઊડી જવી.

**'સંવેગ ગુણનો'** વિકાસ થવો એટલે વિષયનો ભોગ

---

*અર્ધમાગધી ભાષા એ ૧૮ મહાદેશોના અને ૭૦૦થી અધિક લઘુ-દેશોના શબ્દોથી સમૃદ્ધ ગણાતી હતી. એથી જ અપર શબ્દમાં તેને 'પ્રાકૃત' શબ્દથી પણ ઓળખાવાય છે. સંપા.

કરવાની વૃત્તિ વિરામ પામવી અને સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દવડે અનુભવાતાં સુખો કાલ્પનિક કે મિથ્યા જણાવાં.

'**નિર્વેદ** ગુણનો' વિકાસ થવો એટલે લખચોરાશીના ફેરા ફરી ફરવા ન પડે તેવી મનોભાવના મજબૂત થવી.

'**અનુકંપા** ગુણનો' વિકાસ થવો એટલે કોઇનું પણ અહિત કરતાં કે કોઇને પણ નુકશાન કરતાં હૃદયમાં અરેરાટી થવી, દુઃખીને જોઈ દિલ દ્રવી જવું અને મુશ્કેલીઓમાં મૂકાએલાઓને બને તેટલી મદદ કરવાની મનોવૃત્તિ ઉત્પન્ન થવી.

'**આસ્તિકય** ગુણનો' વિકાસ થવો એટલે આત્માની અમરતામાં આસ્થા થવી, જડની જુદાઈની પ્રતીતિ થવી, પુણ્ય, પાપ અને પરલોકમાં વિશ્વાસ થવો તથા દેવ, ગુરુ અને ધર્મને તારક તત્ત્વો માનવાની અણુડોલ–અફર મનોવૃત્તિ ઘડાવી.

## જ્ઞાન આર્ય. ૨

જે મનુષ્ય જાણવા જેવા ઓછા કે વધુ પદાર્થોને બરાબર જાણે છે અને તેમાંના હેય એટલે છોડવા યોગ્ય તથા ઉપાદેય એટલે આદરવા યોગ્ય અંશોનો પ્રમાણ, હેતુ તથા દૃષ્ટાંતવડે યથાર્થ વિવેક કરી શકે છે તે જ્ઞાન–આર્ય. બીજી રીતે કહીએ તો જે મનુષ્ય જ્ઞાન પ્રત્યે અભિરુચિ ધરાવે છે, જ્ઞાન પ્રત્યે અંતરંગ પ્રેમ ધરાવે છે અને જ્ઞાન પ્રત્યે નિઃસીમ ભકિત ધરાવે છે તથા તેની ઉપાસના અનન્ય મનથી કરે છે તે જ્ઞાન આર્ય છે.

## ચારિત્ર આર્ય. ૩

જે મનુષ્ય દેહને ધર્મનું સાધન માનીને તેનો સંપૂર્ણ સદુપયોગ કરવાની પ્રવૃત્તિ કરે છે એટલે કે તેને સંયમ અને

સદાચારમાં પ્રવર્તાવે છે તથા પ્રભુસ્મરણ, પ્રભુભક્તિ, જપ, તપ અને ધ્યાનમાં જોડેલું રાખે છે, તે ચારિત્ર-આર્ય છે.

દેહનો સદુપયોગ કરવાની આર્યભાવનાનું પ્રતિબિંબ નીચેના શ્લોકમાં સુંદર રીતે રજૂ થયેલું છે.

"हस्तौ दानविवर्जितौ श्रुतिपुटौ, सम्यग्वचोद्रोहिणौ,
नेत्रे साधुविलोकनेन रहिते पादौ न तीर्थं गतौ ।
अन्यायार्जित–वित्तपूर्णमुदरं गर्वेण तुङ्गं शिरो,
रे रे जम्बुक ! मुञ्च मुञ्च सहसा नीचस्य निन्द्यं वपुः ॥"

ત્રણ દિવસનું ભૂખ્યું શિયાળ ખોરાક શોધવાને માટે અહીંતહીં રખડી રહ્યું હતું. એવામાં તે એક નદીના કિનારે પહોંચી ગયું કે જેના જળમાં કોઇ મનુષ્યનું મડદું તણાતું હતું. એને સુંદર ભક્ષ્ય સમજીને તે શિયાળે એને મહા-મહેનતે પાણીમાંથી બહાર કાઢયું. પછી જ્યાં તે, એ મડદાનું ભક્ષણ કરવા જાય છે ત્યાં નદીના કિનારે ઊભેલા એક મહાત્માએ તે મડદાને ઓળખી લીધું અને તે કહેવા લાગ્યો કે–'હે શિયાળ ! તું જો કે ભૂખ્યું જણાય છે અને દેહને ટકાવવા માટે તારે કાંઇ પણ ખાધા વિના ચાલે તેમ નથી, છતાં મારું કહ્યું માનીને આ મડદાના હાથ ખાઇશ નહિ, કારણ કે તેણે જીવનપર્યંત કોઈને દાન આપેલું નથી. વળી તેના કાન પણ ખાઈશ નહિ, કારણ કે તેણે મરતાં સુધી સદ્‌વચનો અને સદુપદેશ સાંભળેલો નથી. વળી તેની આંખો પણ ખાઇશ મા, કારણ કે તેનાવડે તેણે કોઇ વાર દિલભરીને સાધુ-સંતના દર્શન કરેલાં નથી અને શાણા શિયાળ ! હું સાચું કહું છું

કે તેના પગો પણ ખાવાને હરગીઝ લાયક નથી, કારણ કે તેના વડે તેણે કદી પણ તીર્થાટન કરેલું નથી. અને તું જો એનું ઉદર ખાવાનો વિચાર કરતું હોય તો તે પણ છોડી દે, કારણ કે જિંદગીભર એમાં જે અન્ન પડયું છે, જે ખોરાક પડ્યો છે, તે અન્યાયની કમાણીથી ઉત્પન્ન કરેલા પૈસાનો જ પડ્યો છે. વળી તેના માથાને ખાવાનો વિચાર પણ તું મૂકી દે કારણ કે એ સદા ગર્વથી ભરેલું રહેતું હતું અને તેથી કોઈ પણ વાર દેવને, ગુરુને, પૂજ્યને, વડીલને, મુરબ્બીને કે ગુણી પુરુષોને નમેલું નથી. હે સમજુ શિયાળ! આ રીતે તેનું આખું શરીર નિંદ્ય છે, માટે તેને ખાવું રહેવા દે અને તું કોઇ બીજા જ ભક્ષ્યને શોધી લે.'

શિયાળ પણ એટલું સમજતું હતું કે માનવ દેહનો આવો દુરુપયોગ કરનારનું મડદું ખાઇને જીવવું તેના કરતાં ભૂખ્યું મરી જવું બહેતર છે, એટલે તેણે એ મડદાને છોડી દીધું અને બીજા કોઈ ભક્ષ્યને શોધીને તેનાથી પોતાની ક્ષુધાને શાંત કરી.

તાત્પર્ય કે—જે મનુષ્ય પોતાને મળેલા અતિ ઉત્તમ દેહનો ઉપયોગ દાન કરવામાં, સત્શાસ્ત્રો અને સદુપદેશ સાંભળવામાં, સાધુસંતોનાં દર્શન અને સમાગમ કરવામાં, દેવદર્શન અને તીર્થાટન કરવામાં, ન્યાયથી આજીવિકા ચલાવવામાં અને અભિમાન તથા અહંકારથી રહિત બનીને જ્યાં જ્યાં સારું કે સુંદર જણાય ત્યાં ત્યાંથી એને નમ્રતાપૂર્વક ગ્રહણ કરવામાં કરે છે તે સાચો મનુષ્ય છે, તે સાચો આર્ય છે અને તે જ ખરેખરો સત્પુરુષ છે.

નિર્ગ્રંથ મહર્ષિઓએ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે-

**" तह तथा दुल्लहलंभं, विज्जुलयाचंचलं माणुसत्तं ।**
**लध्धूण जो पमायइ, सो कापुरिसो न सप्पुरिसो ॥ "**

" તથા તે જ રીતે ઘણી મહેનતે મેળવાય તેવું અને વિદ્યુત્‌ના ચમકારા જેવું ચપળ મનુષ્યપણું પામીને જે મનુષ્ય તેનો સદુપયોગ કરવામાં બેદરકાર રહે છે, તે કાયર છે પણ સત્પુરુષ નથી."

અને તે કાયરપણું-બેદીપણું ટાળવા માટે જ તેમણે સૂચના કરી છે કે—

**" उत्थायोत्थाय बोद्धव्यं, किमद्य सुकृतं कृतम् ?**
**आयुषः खण्डमादाय, रविरस्तमयं गतः ॥ "**

" ઊંઘમાંથી ઊઠી ઊઠીને, મૂઢતામાંથી જાગીને વિચાર કરો કે આયુષ્યનો એક ટૂકડો લઇને સૂર્ય તો અસ્તાચળ સમીપે ગયો, પણ તે દરમિયાન મેં શું સુકૃત કર્યું ? "

અને તેમણે સદાચારમાં પ્રમાદી ન રહેવા માટે તથા ધર્મ-પ્રવૃત્તિમાં ત્વરા આણવા માટે જણાવ્યું છે કે—

**" मा सुअह जग्गिअव्वे पलाइअव्वंमि कीस वीसमह ?**
**तिन्नि जणा अणुलग्गा, रोगो अ जरा य मच्चू अ ॥ "**

" જાગતા રહેવાના સમયે સૂઇશ નહિ અને પલાયન થવાના સમયે થોભીશ નહિ, કારણ કે તારી પાછળ રોગ, જરા અને મૃત્યુ એ ત્રણ જણાં પડેલાં છે. "

એટલે જેઓ મૂઢતાને છોડતા નથી, આત્મનિરીક્ષણ કરતા

નથી, જાગરુકતાને સેવતા નથી અને સંયમ તથા સદાચારનું સેવન કરતી વખતે ગળિયા બળદની જેમ બેસી જાય છે, તે ચારિત્ર આર્ય બની શકતા નથી.

તાત્પર્ય કે-દેશ, જાતિ, કુલ, કર્મ, શિલ્પ અને ભાષા આર્ય એ જ્ઞાન–આર્ય આદિનાં સાધનો છે.

## અનાર્યોનાં લક્ષણ.

પૂર્વમહર્ષિઓએ અનાર્યનાં જે લક્ષણો બતાવ્યાં છે અને તેનો પરિચય જે રીતે કરાવ્યો છે તે પણ જાણવા જેવો છે. તેઓ કહે છે કે–

**“ पावा य चंडकम्मा अणारिया णिग्घिणा णिरनुतावी । ”**

“ અનાર્યો પાપી પ્રકૃતિવાળા, ઘોર કર્મોને કરનારા, પાપની ઘૃણા વિનાના અને ગમે તેવું અકાર્ય કરવા છતાં તેનો પશ્ચાત્તાપ નહિ કરનારા હોય છે.” એટલે અનાર્યોની પ્રકૃત્તિ, અનાર્યોનો સ્વભાવ કે અનાર્યોના મનનું વલણ એવી રીતે ઘડાયેલું છે કે તેને પાપમય પ્રવૃત્તિ કરવાનું જ સૂઝે છે અને તે પ્રવૃત્તિ એટલા મોટા પ્રમાણમાં કરે છે અને એવી ઘોર કરે છે કે જેમાં પાપનો શુમાર હોતો નથી. તેઓ પાપમાં સદા રચ્યાપચ્યા રહે છે, તેથી તેમને પાપ પ્રત્યે ઘૃણા પણ થતી નથી અને કરેલા અતિ દુષ્ટ કર્મોનો જરા જેટલોય પશ્ચાત્તાપ કે દિલગીરી પણ થતી નથી. આ વાતને હજી વધારે સ્પષ્ટ કરીએ તો અનાર્યો મોટા પ્રમાણમાં જીવહિંસા કરનારા હોય છે; જરા જેટલો લાભ થવાનો પ્રસંગ જણાય કે જૂઠું બોલે છે, ચોરીઓ કરે છે, ખાતર પાડે છે, લૂંટ ચલાવે છે અને ગામનાં ગામો ભાંગે છે

કે દેશ આખાને ઉજાડી મૂકે છે, પરદારાનું સેવન કરે છે, વેશ્યાગમન કરે છે, રખાતો રાખે છે અને ગમે તે કોટીનો વ્યભિચાર કરતા જરાયે અચકાતા નથી; પોતાનાં ઘરબાર, માલ-મિલ્કત અને વૈભવનાં સાધનો પર અત્યંત મૂર્છા રાખે છે અને તેને પ્રાપ્ત કરવા માટે તથા સાચવવા માટે ગમે તેવા ઘોર કૃત્યો કરે છે. વાત વાતમાં તેઓ તપી જાય છે, ભારે ગુસ્સો કરે છે અને લાકડી કે હથિયાર ઉંચકે છે. એટલે ઝઘડા કરવા, મારામારી કરવી, ખૂન કરવા ને અણુછાજતી લડાઈઓ કરવી એ તેમની પ્રકૃતિમાં જ હોય છે. આર્ય પુરુષ જ્યારે ન્યાયની ખાતર જ લડાઇમાં ઉતરે છે અને માનવતાના મુખ્ય સિદ્ધાંતોને આગળ કરે છે, ત્યારે અનાર્ય પુરુષો ન્યાય-અન્યાયને જોતા જ નથી. તે તો માત્ર પોતાની નિષ્ઠુર સ્વાર્થસાધના કરવા માટે જ લડાઇને નોતરે છે. આર્ય પુરુષો જેની સાથે લડાઇ કરવી હોય તેને પ્રથમ ચેતવે છે, તેની આગળ દૂત મોકલીને લડાઇના કારણનું નિવારણ કરવાની તક આપે છે અને તેમ છતાં જો સામો પક્ષ ન માને તો તેની સાથે લડાઈ કરે છે. અને તે લડાઇ પણ કેવી? ઊંઘતાને મારવો નહિ, ગાફેલ પર ઘા કરવો નહિ, શસ્ત્રહીન પર શસ્ત્ર ચલાવવું નહિ અને બને ત્યાં સુધી દોષિતની સાથે જ લડી લેવું. જ્યારે અનાર્ય પુરુષો ઊંઘતાને મારે છે, ગફલતનો લાભ ખાસ કરીને ઉઠાવે છે, શત્રુપક્ષ શસ્ત્રહીન હોય તો પણ તેના પર શસ્ત્ર ચલાવે છે અને તેની છાયામાં ઊભા રહેનારા સર્વની નિર્દય કતલ કરે છે. બે રાજ-કર્ત્રી પક્ષો વચ્ચે મતભેદ જાગે કે સ્વાર્થ સાધનાની સાઠમારી થાય તેમાં નિર્દોષ પ્રજાજનોની ભયંકર કત્લ કર્યાના દાખલાઓ

ઇતિહાસના પાને ચડી ચૂકયા છે, જે અનાર્યતાનાં સ્પષ્ટ એંધાણો છે. આજના વિમાની હુમલાઓ, આજના જીવલેણ બોંબમારાઓ અને આજની ગામડાઓ તથા શહેરોને આખા ને આખા સળગાવી ધીકતીધરા કરવાની નીતિને અનાર્યતાના ઉદ્રેક સિવાય બીજું શું કહી શકાય ? જાપાનનું યુદ્ધ જીતવા માટે અમેરિકન લશ્કરે બે અણુબોંબનો ઉપયોગ કર્યો અને નાગાસાકી અને હિરોશિમા જેવા બે મોટા શહેરોનાં નિર્દોષ સ્ત્રી-પુરુષો, વૃદ્ધો, બાળકો અને તમામ પશુ-પક્ષી સુદ્ધાંત સર્વેનો જાલીમ સંહાર કર્યો ! આ કાર્ય આર્યનીતિ અને આર્ય સંસ્કારોને અનુસરનાર કદી પણ કરે નહી. અરે ! તેમ કરવાની કલ્પના પણ તેમને આવે નહિ.

વળી અનાર્યોમાં અહંકાર અને અભિમાન પણ અતિ હોય છે. કપટ કરવા, કાવત્રાં રચવાં અને દગલબાજી કરવી એ તેમના લોહીમાં જડાએલી વસ્તુઓ હોય છે. સાત સાત વાર જે શાહબુદ્દીન ઘોરીને માફી આપી છોડી દેવાયો હતો તે શાહબુદ્દીન ઘોરીએ છેવટે પૃથ્વીરાજની શી હાલત કરી ? જે અંગ્રેજોને વેપાર કરવાની છૂટ આપવામાં આપી હતી-વસવાટ કરવાની ઉદારતા બતાવવામાં આવી હતી તે અંગ્રેજોએ ભારતની શી હાલત કરી ? જેમણે પૈસાની મદદ કરી, માણસોની મદદ કરી અને સલાહો આપી તેમના હાલ પણ તેઓએ કેવા કર્યા ? પણ એ વાતમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી, કારણ કે અનાર્ય પ્રજાની એ સ્વભાવગત ખાસિયત છે.

અનાર્યોને ઘરબાર અને માલમિલ્કતની આસક્તિ પણ અનહદ હોય છે. તે માટે તેઓ ગમે તેવા ઝઘડાઓ કરે છે,

ગમે તેવી લડાઈઓ કરે છે અને ગમે તેવા હલકા ઉપાયોને કામે લગાડવામાં અચકાતા નથી. કંચન અને કામિની, સુંદરી અને સુરા કે સુવર્ણ અને સત્તા એ તેમના જીવનનો મુદ્રાલેખ હોય છે, એટલે તેમના જીવનની સઘળી પ્રવૃત્તિઓ તે મુજબ જ ગોઠવાય છે.

જે મનુષ્યોને પાપ અને પુણ્યનો વિવેક હોય તે જ પાપોનો પરિહાર કરીને પુણ્યની વૃદ્ધિ કરી શકે, પણ અનાર્યોમાં તે જાતનો વિવેક હોતો નથી. તેથી ગમે તેવાં પાપી કૃત્યો કરવામાં તેમને ઘૃણા આવતી નથી. અને જે માણસો આત્મામાં માનતા હોય, કર્મમાં માનતા હોય, પરલોક અને પરભવમાં માનતા હોય, તે પોતાનો આત્મા પાપપંકથી મલિન ન થાય તેની દરકાર રાખે અને કદાચ કોઈ પાપ થઈ ગયું હોય તો તે માટે અત્યંત દિલગીર થાય કે પશ્ચાત્તાપ કરે. પણ જ્યાં આત્મા જેવી કોઈ વસ્તુનો ખ્યાલ જ નથી કે ખ્યાલ છે તો તેમાં શ્રદ્ધા નથી, જ્યાં કર્મના કાયદાનું બિલકુલ ભાન નથી અને પરલોક તથા પરભવની વાતોને માનવામાં આવતી નથી, ત્યાં આત્મનિરીક્ષણ કેવું? અને પાપનો પશ્ચાત્તાપ પણ કેવો? એટલે ઉજળી ચામડી, સુંદર ઘરોમાં વસવાટ, વ્યાવહારિક શિક્ષણ, સુઘડ પોશાક, ધીકતો ધંધો અને કાર્ય કરવાની ચતુરાઈ એ આર્યત્વનાં વિશિષ્ટ લક્ષણો નથી, પણ સંયમ અને સદાચાર, દયા અને પરોપકાર, આત્મનિરીક્ષણ અને જીવનની શુદ્ધિ એ જ આર્યત્વનાં વિશિષ્ટ લક્ષણો છે. કોઈ મહર્ષિએ ઠીક જ કહ્યું છે કે '**वृत्तेन हि भवत्यार्यो न धनेन न विद्यया**' ધન અને વિદ્યા માત્રથી આર્ય બની શકાતું નથી પણ જીવનની વિશિષ્ટ પ્રણાલિકાને લીધે જ આર્ય બની શકાય છે.

## કેટલીક અનાર્ય જાતિઓ.

પૂર્વ મહર્ષિઓએ કેટલીક અનાર્ય જાતિઓની ગણના નીચે મુજબ કરાવી છે.

| | | | |
|---|---|---|---|
| ૧ શક | ૧૪ પારસ | ૨૭ માષ | ૪૦ ખસ |
| ૨ યવન | ૧૫ કૌંચ | ૨૮ બકુશ | ૪૧ ખાર્સિક |
| ૩ શબર | ૧૬ ઔંધ | ૨૯ મલય | ૪૨ નેષ્ટર |
| ૪ બર્બર | ૧૭ દ્રવિડ | ૩૦ ચુંચુક | ૪૩ મૌષ્ટ્રિક |
| ૫ કાય | ૧૮ ચિલ્વલ | ૩૧ ચૂલિક | ૪૪ આરબ |
| ૬ મુરુંડડ | ૧૯ પુલિન્દ | ૩૨ કોંકણુક | ૪૫ ડોંબલિક |
| ૭ ઉડ્ડ | ૨૦ આરોષ | ૩૩ મેદ | ૪૬ કુહુણુ |
| ૮ ભંડ | ૨૧ ડોવ | ૩૪ પહ્લવ | ૪૭ કેકય |
| ૯ ભિત્તિક | ૨૨ પોક્કણુ | ૩૫ માલવ | ૪૮ હૂણુ |
| ૧૦ પકવણિક | ૨૩ ગંધહારક | ૩૬ મહુર | ૪૯ રોમક |
| ૧૧ કુલાક્ષ | ૨૪ બહલ્લિક | ૩૭ આભાષિક | ૫૦ કુરવ |
| ૧૨ ગૌડ | ૨૫ જલ્લ | ૩૮ અલાક્ક | ૫૧ મરુક |
| ૧૩ સિંહલિક | ૨૬ રોષ | ૩૯ લાસિક | ૫૨ મરહટ્ઠ |

વગેરે

## અનાર્યમાંથી આર્ય

આર્ય દેશ, આર્ય સંસ્કારો અને આર્યાવર્તની ધર્મસામગ્રીના સંસર્ગથી અનેક (ક્ષેત્ર) અનાર્યો આર્ય બન્યાના દાખલાઓ ઈતિહાસમાં નોંધાયેલા છે. તેમાં અદ્દગકુમારનો દાખલો જાણવા યોગ્ય છે.

## અદ્દગકુમાર

વિક્રમ સંવત પૂર્વે છઠ્ઠા સૈકાની વાત છે, જ્યારે આર્યા-

વર્તમાં પ્રભુ મહાવીર અહિંસા અને સ્યાદ્વાદની ઘોષણા કરતા અનેક જીવોને પ્રતિબોધ પમાડી રહ્યા હતા અને મગધદેશ પર મહારાજા શ્રેણિકની આણ વર્તતી હતી. તે વખતે આર્યાવર્તના વહાણવટીઓ જુદી જુદી જાતનાં કરિયાણાં, વસ્ત્રો અને શાલદુશાલા લઈને અનાર્યોથી વસેલા આદન (હાલ-એડન) નામના દેશમાં ગયા. ત્યાંના લોકોનો મુખ્ય વ્યવસાય દરિયામાંથી માછલાં પકડવાનો તથા મોતી કાઢવાનો હતો. એટલે મોતી મેળવવા માટેનું તે મોટું મથક હતું અને તેના લીધે જ દેશ-પરદેશના અનેક વેપારીઓ ત્યાં વેપાર કરવાને અર્થે જતા હતા. એ વખતે ત્યાં આદન નામનો રાજા રાજ્ય કરતો હતો જેને અદ્દગ કે આર્દ્રક નામનો એક કુમાર હતો.

ભારતના વહાણવટીઓએ આદન રાજાને મૂલ્યવાન ભેટો ધરી અને વેપાર કરવાની રજા માગી. તે વખતે આદન રાજાએ પૂછ્યું કે-તમે ક્યાંથી આવો છો અને તમારા રાજાનું નામ શું?

વહાણવટીઓએ જવાબ આપ્યો કે-અમે મૂળ મગધદેશના વતની છીએ કે જ્યાં મહારાજા શ્રેણિકનું આધિપત્ય છે. આદન રાજાએ કહ્યું 'ઓહો! શ્રેણિક રાજા તો અમારી પિછાણવાળા છે. તેઓ બહુ ભલા અને માયાળુ છે. તમે અહીં સુખેથી વેપાર કરી શકો છો.'

તે વખતે અદ્દગકુમાર સભામાં બેઠો હતો. તેણે વહાણવટીઓને પૂછ્યું કે 'એ રાજાને કુમાર છે? હોય તો તેનું નામ શું?'

વહાણવટીઓએ કહ્યું 'હા, એ રાજાને અનેક કુમારો છે.

પણ તે બધામાં અભયકુમાર શ્રેષ્ઠ છે કે જે પોતાના બુદ્ધિબળ-વડે રાજ્યના પાંચસો મંત્રીઓનો વડો બનેલો છે.'

અદ્દગકુમારે કહ્યું–' એ તો બહુ સુંદર વાત. હું તેની સાથે દોસ્તી બાંધીશ, માટે તમે પાછા ફરો ત્યારે મને મળીને જજો.'

વહાણવટીઓ વેપાર કરીને જ્યારે આર્યાવર્તમાં પાછા ફરવાને તૈયાર થયા ત્યારે અદ્દગકુમારે તેમને મોતી અને પરવાળાથી ભરેલો એક સુંદર દાબડો આપ્યો અને તે પોતાની વતી અભયકુમારને આપવાને જણાવ્યું.

આર્યાવર્તમાં પાછા ફરેલા વહાણવટીઓએ જઇને પેલો દાબડો અદ્દગકુમારના નામથી અભયકુમારને ભેટ કર્યો. આ જોઇને અભયકુમારે વિચાર કર્યો કે ' આ કોઇ હળુકર્મી જીવ લાગે છે અને મારા પ્રત્યે પૂર્વજન્મનો સ્નેહ ધરાવે છે, માટે મારે પણ એવી વસ્તુ મોકલવી કે જેથી તેનો માનવ જન્મ સાર્થક થાય.' એટલે અભયકુમારે પોતાને મળેલી ભેટના બદલામાં સુંદર કોતરણીવાળી સુખડની એક પેટી તૈયાર કરી અને તેમાં શ્રી ઋષભદેવપરમાત્માની મૂર્તિ મૂકી. પછી એ પેટીમાં ઘંટ, ધૂપદાન, ઓરસિયો, સુખડ, કેશર અને પૂજાની બીજી સામગ્રી પણ ગોઠવી. આ પેટી તેણે પોતાના વિશ્વાસુ માણસને ભળાવતાં કહ્યું કે ' આ ભેટ અદ્દગકુમારને હાથોહાથ પહોંચાડજે અને તે એને એકાંતમાં ખોલીને જ જુએ એવી ભલામણ કરજે.'

માણસે સઘળું તે પ્રમાણે કર્યું. અદ્દગકુમારે પેટીને એકાંતમાં લઇ જઇને ખોલી તો બધી જ વસ્તુ નવીન માલૂમ પડી. તેણે મૂર્તિ, ઓસરીયો, સુખડ કે ઘંટ વગેરે કદી જોયાં ન

હતાં, એટલે વિચાર કરવા લાગ્યો કે-' આ તે શું હશે ? તેનો શો ઉપયોગ થતો હશે ? શું તે કાંઇ ઘરેણાં હશે કે કોઇ જાદુમંતરની વસ્તુઓ હશે ? '

આમ તે બહુ બહુ વિચાર કરવા લાગ્યો ત્યારે તેને એકાએક સ્મરણ થયું કે-આવી વસ્તુઓ મેં કોઇક સ્થળે નિહાળી છે. અને અતિ ઊંડા વિચારમાં ગરકાવ થતાં તરત જ તે મૂર્ચ્છિત થઇ ગયો.

જેવી રીતે આપણને આ જીવનના બનાવોનું સ્મરણ થાય છે, તેવી જ રીતે કેટલાક મનુષ્યોને કેટલીક વાર પૂર્વભવમાં બનેલા બનાવોનું સ્મરણ થાય છે. એ જાતના સ્મરણને '**જાતિ સ્મરણ જ્ઞાન**' કહેવામાં આવે છે અને જ્યારે તે થવાનું હોય છે ત્યારે એકાએક મૂર્છા આવી જાય છે.

અદ્દગકુમારને આવું જ જાતિ સ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. તેમાં તેણે જોયું કે 'પૂર્વભવમાં હું આર્યાવર્તના એક દેશમાં **સામાયિક** નામનો કણબી હતો અને **બંધુમતી** નામે સ્ત્રીને પરણ્યો હતો. સમય જતાં અમને બંનેને વૈરાગ્ય થયો અને અમે બંનેએ સાધુજીવનની દીક્ષા લીધી. પછી અમે અલગ અલગ ચાલ્યા ગયા. એવામાં એક વાર મેં સાધ્વી બનેલી બંધુમતીને જોઇ અને મારું મન સાધનાથી ભ્રષ્ટ થયું. તેની સાથે વિષયભોગ કરવા માટે હું તૈયાર થયો. આ વાત કોઇ પણ ઉપાયે મેં તેને પહોંચાડી, તેથી તેને ખૂબ જ આઘાત થયો. એને રખે શિયળભંગનો પ્રસંગ આવે એમ વિચારીને તેણે અણુસણ( અનશન=ઉપવાસ ) કર્યું. મને આ વાતની ખબર પડી

એટલે મારી મૂર્ખાઇનું–મારી દુષ્ટતાનું મને ભાન થયું અને મેં પણ અણુસણનું શરણુ લીધું. એ રીતે અમે બંને કાળધર્મ પામ્યા. હું વ્રતભંગ–વિચારના પરિણામે અનાર્ય દેશમાં ઉત્પન્ન થયો. અહો! મેં એ મુનિપણું ભાંગ્યું ન હોત તો આ અનાર્ય દેશમાં ઉત્પન્ન થાત નહિ. પણુ હવે શું કરું? જેણે મારી પૂર્વસ્મૃતિને જાગૃત કરી તે અભયકુમાર મારા ખરા ઉપકારી છે. પણુ ક્યાં તે અને ક્યાં હું? તેમને હું કેવી રીતે મળી શકું? જો પિતા રજા આપે તો હું આર્યાવર્તમાં જાઉં અને અભયકુમારને જરૂર મળું.

અદ્દગકુમારની મૂર્છા ઉતરી ગઇ પણુ તેના મનમાં આર્યાવર્તમાં જવાની અને અભયકુમારને મળવાની તીવ્ર તાલાવેલી જગાડતી ગઇ. તેને ઊઠતાં બેસતાં, હરતાં ફરતાં, ખાતાંપીતાં, આર્યાવર્તના વિચારો જ આવવા લાગ્યા. તે પોતાને પ્રાપ્ત થયેલી પ્રભુમૂર્તિની ગુપ્ત પૂજા કરવા લાગ્યો.

એક વાર સમય જોઇને તેણે પિતા આગળ આર્યાવર્તમાં જવાની રજા માગી. ત્યારે પિતાએ કહ્યું, 'હે કુમાર! ક્યાં આર્યાવર્ત અને ક્યાં આપણો આદ્રન દેશ! એટલે દૂર તમને શી રીતે મોકલાય? માટે અહીં જ રહો ને ખાઈ પીઇને મજા કરો.'

અદ્દગકુમારે ફરી ફરીને પિતાને વિનંતિ કરી પણુ પિતાએ તેને માન્ય ન જ કરી.

આખરે એક દિવસ ગુપ્ત વહાણુમાં તેણે પેલી પેટી સાથે આદ્રન છોડયું અને કેટલાક દિવસની સફર બાદ આર્યાવર્તની ભૂમિ પર પગ મૂકયો. એ વખતે તેના મુખમાંથી નીચેના શબ્દો

સરી પડ્યા. 'ઓ ભૂમિ ! તને વારંવાર વંદન હો ! ઓ દેશ ! તને મારા સેંકડો પ્રણામ હો ! તારી ગોદમાં અનેક મહાપુરુષોએ પોતાનું બાળપણ વીતાવ્યું છે, તારી છત્રછાયામાં અનેક ઋષિ-મહર્ષિઓએ ધર્મની ધ્વજા ફરકાવી છે. તારો પ્રત્યેક પ્રદેશ પવિત્ર છે, તારો દરેક અણુ સંસ્કારિતાથી સુવાસિત છે. તને મારા પુનઃ પુનઃ વંદન હો. તને મારા પુનઃ પ્રણામ હો.'

આર્યાવર્તની ભૂમિમાં બે દિવસનો પ્રવાસ કરતાં જ અદ્દગ-કુમારનું મન વૈરાગ્યથી વાસિત થયું એટલે તેણે બધું ધન ધર્મકાર્યમાં ખરચી નાંખ્યું અને પેલી પવિત્ર પેટી એક સથવારા જોડે અભયકુમાર પર મોકલાવી આપી. પોતે જાતે દીક્ષા લઇને મુનિ બન્યો.

આર્દ્રક મુનિ વિહાર કરતાં અનુક્રમે મગધ દેશમાં પહોંચ્યા અને ત્યાં વસંતપુર નગરની બહાર આવેલા એક ઉદ્યાનમાં ધ્યાન ધરીને ઊભા રહ્યા. આ વખતે શ્રીમતી નામની તે નગરની શ્રેષ્ઠીપુત્રી તેમના પર મોહિત થઈ કે જે તેની પૂર્વ ભવની સ્ત્રી હતી. તેઓ જેમ તેમ કરીને તેમાંથી ભાગી છૂટ્યા, પરંતુ ભવિતવ્યતા બળવાન છે એટલે કેટલાક વરસ પછી તેઓ વિહાર કરતાં કરતાં તે જ નગરમાં પાછા આવ્યા.

ત્યારે શ્રીમતીએ તેમને પારખી લીધા અને પોતાની સ્નેહ-જાળમાં જકડી લીધા. કાળક્રમે તેમને એક પુત્ર થયો.

હવે આર્દ્રકકુમાર ફરીને સાધુજીવન ગાળવા માટે તૈયાર થયા પણ તે વખતે નાનકડા બાળે તેમને કાચા સુતરથી વીંટી લીધા અને પોતાની મમતાળુ માતાને જણાવ્યું કે 'માતા !

માતા ! મારા પિતા હવે કેમ કરીને જઇ શકશે ? મેં તેમને કાચા સુતરના તાંતણે બરાબર વીંટી લીધા છે.' આ શબ્દો સાંભળીને આર્દ્રકકુમારનું મન પુત્રપ્રેમથી દ્રવિત થયું અને સંસાર છોડવાની હિમ્મત ચાલી નહિ. તેમણે સુતરના આંટા ગણ્યા તો તેની સંખ્યા બારની થઇ. એ પરથી નિશ્ચય કર્યો કે-બાર વર્ષ સુધી સંસારમાં રહીને પછી તેનો ત્યાગ કરીશ. એ બાર વરસો પસાર થઇ જતાં આર્દ્રકકુમારે શ્રીમતીની રજા લઇને ફરી દીક્ષા ધારણ કરી અને સંયમનું પાલન સુંદર રીતે કરવા માંડયું. તેમણે તપશ્ચર્યા પણ ઘણી કરી અને એ રીતે દર્શન-આર્ય, જ્ઞાન-આર્ય તથા ચારિત્ર-આર્ય બની ગયા. પછી તેમણે રાજગૃહીમાં પ્રભુ મહાવીરનાં દર્શન કર્યાં અને પોતાની જાતને કૃતકૃત્ય કરી. પ્રભુ મહાવીરે તેમના શુદ્ધ સંયમનાં વખાણ કર્યાં. અહીં તેમને અભયકુમારનો ભેટો પણ થઇ ગયો.

આર્દ્રકમુનિએ ગોશાલક તથા અન્ય ધર્મપ્રચારકો સાથે કરેલી વિશદ તત્ત્વચર્ચાની નોંધ શાસ્ત્રકારોએ સંઘરેલી છે, પરંતુ તેમની ખરી મહત્તા તો તેમણે સંયમમાર્ગમાં કરેલો પુરુષાર્થ હતો કે જેનાવડે તેઓ અનંત સુખના સાધનરૂપ નિર્વાણને તે જ ભવમાં પામી શકયા.

## ઉપસંહાર.

**મનુષ્યભવની પ્રાપ્તિ થવી જેમ અત્યંત દુષ્કર છે, તેમ આર્ય દેશમાં જન્મ થવો એ પણ અત્યંત દુષ્કર છે. તેથી પ્રત્યેક સુજ્ઞ મનુષ્યે આર્યત્વ પામીને આત્મકલ્યાણ કરવાની મહાન્ તકને ઝડપી લેવી ઘટે છે.**

: ૩ :

## तक त्रीजी

# સત્‌સાધન

એક વસ્તુનું સાચું મહત્ત્વ સમજવા માટે તેની વિરુદ્ધ બાજુનું જ્ઞાન જરૂરી છે. અજવાળાની કિંમત ત્યારે જ સમજાય છે કે જ્યારે અંધારાનો અનુભવ થાય છે. સુખનું મૂલ્ય ત્યારે જ સમજાય છે કે જ્યારે દુઃખના દિવસો પસાર કર્યા હોય છે. સજ્જનતાની શ્રેષ્ઠતા ત્યારે જ સમજાય છે કે જ્યારે કોઇ દુષ્ટ જોડે પાનાં પડી ચૂકયાં હોય છે. તે જ રીતે અનુકૂળતાનો સાચો ખ્યાલ પ્રતિકૂલતાની તુલના કર્યાવિના આવી શકતો નથી. એક આ વાત જ મનુષ્ય બરાબર સમજી લે તો કેવું સારું ? આ બાબતમાં કિંકરદાસ વણિકનું ઉદાહરણ વિચારવા ચોગ્ય છે.

## કિંકરદાસનો કાયાપલટો

એક વખત કિંકરદાસ નામના કોઈ ગરીબ વણિકે એક નિર્ગ્રંથ મહર્ષિને વંદન કરીને કહ્યું કે 'પ્રભો ! હું બહુ દુઃખી છું, તેમાંથી છૂટવાનો કોઇ ઉપાય બતાવો.' ત્યારે નિર્ગ્રંથ મહર્ષિએ જણાવ્યું કે 'કિંકરદાસ ! ધર્મનું આરાધન કરો એટલે બધાં દુઃખો દૂર થશે.'

કિંકરદાસે આવા જવાબની અપેક્ષા રાખી ન હતી. તેની ધારણા તો એવી હતી કે 'નિર્ગ્રંથ મહર્ષિ કૃપા કરીને મારા મસ્તક પર હાથ મૂકશે કે કોઈ જંતર કરી આપશે યા તો કોઈ એવી સાધના બતાવશે કે જેથી મારું તમામ દળદર ફીટી જશે.' એટલે તેણે મહર્ષિને કહ્યું 'પ્રભો ! હાલ મારા સંયોગો અનુકૂળ નથી. હું સવારથી સાંજ સુધી અને કેટલીક વાર તો મોડી રાત સુધી કાળી મજૂરી કરું છું, ત્યારે માંડ પેટ ભરાય છે. આ હાલતમાં હું ધર્મનું આરાધન કેવી રીતે કરી શકું ?'

નિર્ગ્રંથ મહર્ષિએ કહ્યું 'મહાનુભાવ ! તમારા સંયોગો તો ઘણા જ સારા છે. પણ ખામી એટલી જ છે કે તેનું તમને પોતાને ભાન નથી. મારું આ કહેવું કદાચ તમારા ગળે એકદમ ઉતરશે નહિ, પણ તમારી આસપાસ જે વિરાટ સજીવ સૃષ્ટિ ફેલાયેલી છે, તેનું યથાર્થ નિરીક્ષણ કરો એટલે તે વાત બરાબર સમજાઇ જશે. પેલું પતંગિયું, પેલો કીડો, પેલી માખી, પેલો મચ્છર, પેલો કાગડો, પેલો મોર, પેલો ગીધ, પેલો કૂતરો, પેલી બકરી, પેલું ઘેટું, પેલો ઘોડો અને પેલો બળદ કેવું જીવન ગાળી રહ્યાં છે ? અને તમે ? એ પ્રાણીઓ-

ની સરખામણીમાં તમારા સંયોગો કેટલા બધા અનુકૂળ છે ? તમને મનુષ્યનો અમૂલ્ય ભવ પ્રાપ્ત થયો છે, એ જ તમારા અનુકૂળ સંયોગોનો ખૂબ મજબૂત પુરાવો છે.

'અને જુઓ કે મનુષ્ય તરીકે તો ઘણાયે જીવો જન્મે છે પણ તે એવી ભૂમિમાં જન્મે છે કે જ્યાં ઉન્નતિ, વિકાસ, પ્રગતિ કે અભ્યુદય માટેનું કોઈ સાધન હસ્તી ધરાવતું નથી. જ્યારે તમે કર્મભૂમિમાં જન્મ્યા છો કે જ્યાં અસિકર્મ, મસિકર્મ અને કૃષિકર્મ આદિ કર્મો વિદ્યમાન છે અને ધર્મનું આરાધન કરવા માટેનાં અનેક સાધનો મોજૂદ છે. એમાં પણ તમારો જન્મ સાડીપચીશ આર્ય દેશોની અંદર થયો છે કે જ્યાં સત્સાધનની વિશેષ તક રહેલી છે. જરા અનાર્ય દેશો પર નજર કરો અને ત્યાં વસતા લોકોના જીવનનો ખ્યાલ કરો એટલે તમને જણાઈ આવશે કે તમારા સંયોગો ધર્મારાધન કરવા માટે કેટલા બધા વધારે અનુકૂળ છે.

'જુઓ, પેલો ઉત્તર કટિબંધના અતિ શીતળ પ્રદેશમાં જન્મેલો એસ્કિમો. તે સવારમાં ઊઠીને શિકારની શોધમાં નીકળે છે અને જાન સટોસટના સાહસ કરે છે ત્યારે એકાદ વોલરસ કે એકાદ સીલને ( એક જાતનું પ્રાણી ) પકડી લાવે છે. તે બરફના ઘરમાં રહે છે અને ચામડાનાં કપડાં તથા ચામડાની પથારી વાપરે છે. નથી તે કોઈ વાર સ્નાન કરતો કે નથી તેની પાસે એટલા પાણીની સગવડ. શરીર મેલું જણાય તો પોતાની જીભ વતી ચાટીને સાફ કરે છે.

'જુઓ, પેલો આફ્રિકાના જંગલમાં જન્મેલો હબસી. તે પણ સવારથી સાંજ સુધી જંગલી પ્રાણીઓની સાથે લડે છે

અને ઘાસની એક ઝુંપડીમાં જેમતેમ પડ્યો રહે છે. રાત્રે પણ તેને ચેન પડતું નથી. રખે કોઈ હિંસક પ્રાણી આવીને હુમલો કરે નહિ, તેની તેને પૂરી તકેદારી રાખવી પડે છે. એ જ જંગલ, એ જ નદીઓ અને એ જ જંગલી પશુઓની વચ્ચે તેનું જીવન પૂરું થાય છે.

'જુઓ, પેલો સરહદમાં જન્મેલો પઠાણ. તે નાનપણથી જ બંદુકની મિત્રતા કરે છે અને તેના જોર પર જ જીવે છે. લૂંટફાટ કરવી, ગામો ભાંગવા અને વિરોધીઓના ખૂન કરવા તેને એ બહાદુરીનું કામ ગણે છે અને તેવા કામોમાં જ પોતાની જિંદગી હોડમાં મૂકે છે.

'એ રીતે બીજી પણ અનેક અનાર્ય જાતિઓનાં જીવન જુઓ અને પછી કહો કે તમારા સંયોગો પ્રતિકૂળ છે કે અનુકૂળ ?"

કિંકરદાસે કહ્યું: 'પ્રભો! આ બધા કરતાં તો મારા સંયોગો જરૂર વધારે અનુકૂળ છે, પણ આ વાત આજ સુધી મારા સમજવામાં આવી ન હતી; કારણ કે હું મારી સરખામણી આ દેશના અન્ય લોકો સાથે કરતો હતો.'

નિર્ગ્રંથ મહર્ષિએ કહ્યું: 'મહાનુભાવ! એ સરખામણીમાં પણ તમારા સંયોગો ખરાબ નથી. તમે ઉત્તમ માતા અને ઉત્તમ પિતાના સંતાન છો. વળી પાંચે ઇંદ્રિયોથી પૂર્ણ છો એટલે કે તમારા શરીરમાં કોઈ જાતની ખોડખાંપણ નથી. જે માણસો આંધળા છે, મૂંગા છે, બહેરા છે, લૂલા છે, લંગડા છે, જેમનાં હાથ પગનાં આંગળા ઠરડાઈ ગયા છે કે કપાઈ

ગયા છે તે બધા કરતાં તમારા સંયોગો કોઇ રીતે ખરાબ નથી; બલ્કે સારા છે. વળી તમે શરીરે પણ નીરોગી છો. જ્યારે તમારી જાતિના, તમારી ઉમરના કે તમારા સંબંધીઓ પૈકી અનેક મનુષ્યો દમ, ખાંસી, ઝાડા, સંગ્રહણી, મરડો, અજીર્ણ, પાંડુ, શોથ, જ્વર, મસ્તકશૂળ, કર્ણશૂળ, પાર્શ્વશૂળ, અશ્મરી, પ્રમેહ, મધુપ્રમેહ, રક્તચાપ, નિદ્રાનાશ, રક્તક્ષય, માંસક્ષય, રાજ્યક્ષ્મા વગેરે અનેક રોગોથી પીડાતા હશે. એટલે તેમના કરતાં તમારા સંયોગો ધર્મકરણી કરવા માટે વધારે અનુકૂળ છે. કેમ આ વાત બરાબર છે કે નહિ ?'

કિંકરદાસે હાથ જોડીને કહ્યુંઃ 'પૂજ્ય ! વાત સાચી છે. હવે હું કદાપિ પણ એવું નહિ કહું કે મારા સંયોગો અનુકૂળ નથી.'

તે સાંભળીને નિર્ગ્રંથ મહર્ષિ બોલ્યા કે 'કિંકરદાસ! તમારા સંયોગો અનુકૂળ નથી એ વાત તમારા મનમાંથી હું ભૂંસી નાખવા માગું છું. એટલે જ નહિ પણ તમને એ વાત ઠસાવવા માગું છું કે તમારા હાલના સંયોગો ધર્મકરણી કરવા માટે ઘણા અનુકૂળ છે, કારણ કે આ જાતની પ્રતીતિ થયા વિના તમારો ઉત્સાહ ધર્માચરણમાં વધે તેમ નથી.'

કિંકરદાસે નમ્રતાથી કહ્યુંઃ 'ભગવંત! આ બધી વાત સાચી પણ સમયના અભાવે હું ધર્મકરણી કરી શકું તેમ નથી. એનો ઉપાય શું ?'

નિર્ગ્રંથ મહર્ષિએ તેનો પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કેઃ–

" चत्वारः प्रहराः यान्ति, युष्माकं गृहचेष्टितैः ।
तेषां पादे तदर्धे वा, कर्तव्यो धर्मसंग्रहः ॥ "

તમારા ચાર પહોર ઘરકામમાં વ્યતીત થાય છે, તેમાંથી ૦ા) પહોર કે તેને પણ અરધો ભાગ ધર્મ કરવામાં ગાળવો. એટલે તમારા સમયને વ્યવસ્થિત કરો અને તેમાંનો અમુક સમય ધર્મકરણી માટે બાજુએ કાઢો તો સરળતાપૂર્વક તે થઈ શકે તેમ છે. વધારે સ્પષ્ટ કહું તો તમારી પાસે સમયનો સંકોચ નથી પણ તેનો ઉપયોગ કેમ કરવો એ દૃષ્ટિની ખામી છે. તમારા જેવી ફરિયાદ બીજા પણ અનેક મનુષ્યો કરે છે, પરંતુ તમો બધા સમયની ખરી કિંમત સમજો છો ખરા ? તમો ઊઠીને સૂઓ છો ત્યાં સુધીનો તમારો સમય કેવાં કાર્યોમાં કેવી રીતે ગાળો છો તેનો તાળો મેળવી જુઓ તો જ ખબર પડે કે તમને સમયની કિંમત કેટલી છે, પણ મહાનુભાવ ! ખરી વાત તો એ જ છે કે જે બાબતમાં રસ હોય તેમાં જોઈતો સમય મળી રહે છે અને જેમાં રસ નથી તેમાં સમયનું બહાનું આગળ ધરવામાં આવે છે. જ્ઞાની પુરુષોએ આ રીતની આત્મ-કલ્યાણ પ્રત્યેની બેદરકારીને ‘પ્રમાદ’ નું નામ આપ્યું છે અને તેનું સેવન સમય માત્ર એટલે ક્ષણનો સેંકડોમો ભાગ પણ કરવું નહિ તેવી સ્પષ્ટ ચેતવણી આપી છે. આ રહ્યા તે પવિત્ર શબ્દો:

×“ પીળું જીર્ણ પાંદડું જેમ રાત્રિના સમૂહો પસાર થયે (કાળે કરીને) પડી જાય છે, તેમ મનુષ્યોનું જીવન પણ આયુષ્ય પૂર્ણ થયે પડી જાય છે, માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ કરીશ મા.

---

× શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અધ્યયન નવમું, શ્રમણ ભગવાન મહાવીરે પોતાના પટ્ટશિષ્ય શ્રી ગૌતમસ્વામીજીને ઉદ્દેશીને કહેલાં આ વચનામૃતો છે.

દાભડાના અગ્ર ભાગ પર અવલંબીને રહેલું ઝાકળનું બિંદુ જેમ થોડી વાર જ રહી શકે છે, તે જ પ્રકારે મનુષ્યોના જીવનનું જાણીને હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ કરીશ મા.

વળી બહુ બહુ વિઘ્નોથી ભરપૂર અને ઝડપથી ચાલ્યા જતા આયુષ્યવાળા જીવતરમાં પૂર્વે કરેલાં દુષ્કર્મને જલ્દી દૂર કર. હે ગૌતમ ! તેમાં સમય માત્રનો પ્રમાદ કરીશ મા.

તારું શરીર જીર્ણ થવા લાગ્યું છે, તારા કેશ શ્વેત થવા લાગ્યા છે, તારા કાનોની શક્તિ ક્ષીણ થવા લાગી છે; માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ કરીશ મા.

પદાર્થો પ્રત્યે અરુચિ, ગડગુમડનાં દર્દ, વિશૂચિકા વગેરે જુદી જુદી જાતના રોગો તને સ્પર્શ કરે અને તેનાથી તારું શરીર કષ્ટ પામે કે નાશ પણ પામે; માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ કરીશ મા.

શરદઋતુનું ખીલેલું કમળ, જેમ પાણીથી ઉત્પન્ન થવા છતાં નિરાળું રહે છે તેમ તું આસક્તિથી નિરાળો રહે અને સર્વ વસ્તુના મોહથી રહિત થા. હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ કરીશ મા.

કાંટાવાળા માર્ગથી દૂર થઈને તું મહાધોરી માર્ગ(જિન-માર્ગ)માં આવ્યો છે, માટે તે માર્ગ પર નજર રાખી હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ કરીશ મા.

ઊલટા માર્ગે ચડી જઈને નિર્બલ ભારવાહક (બોજો ઉપાડ-નાર–મજૂર) પછી ખૂબખૂબ પીડાય છે; માટે હે ગૌતમ ! તું માર્ગને ભૂલીને સમયમાત્રનો પ્રમાદ કરીશ મા.

હે ગૌતમ! તું મોટા સમુદ્રને તરી જઈને લગભગ કાંઠે આવી પહોંચ્યો છે, તો તેનો પૂર્ણ પાર પામવા માટે શીઘ્રતા કર. હવે તું સમયમાત્રનો પણ પ્રમાદ કરીશ મા.

હે ગૌતમ! તું ગામ અને નગરમાં સંયમી, જ્ઞાની અને નિરાસક્ત થઈને વિચર તથા શાંતિમાર્ગની વૃદ્ધિ કર, તેમાં સમયમાત્રનો પ્રમાદ કરીશ મા."

કિંકરદાસે કહ્યું 'પ્રભો! આ શબ્દો સાંભળીને મારે આપની પાસે એકરાર કરવો જોઈએ કે–હું મહાપ્રમાદી છું અને મેં આજ સુધીનું જીવન ઘોર પ્રમાદમાં જ વ્યતીત કર્યું છે. ખરેખર! હું મહામૂઢ છું અને મૂર્ખોનો શિરોમણિ છું. નહિં તો આજ સુધી મને સાચી રીતે વિચાર કરવાનું સૂઝે કેમ નહિં?'

નિર્ગ્રંથ મહર્ષિએ કહ્યું: 'કિંકરદાસ! તમે મનુષ્ય છો, મતિવાળા છો, હિતાહિતને સમજી શકો તેમ છો અને હિત-માર્ગમાં પુરુષાર્થ કરી શકો તેમ છો એટલે વાસ્તવિક રીતે મૂઢ કે મૂર્ખ નથી; પરંતુ તમારી બુદ્ધિ, વિવેકશક્તિ અને કુશલતાને તમે ધર્મના ક્ષેત્રમાં વાપરી નથી, એટલે તમને એ જાતની ખામી લાગે છે અને તે સ્વાભાવિક છે. પરંતુ હવે પછી તમારી એ શક્તિને ધર્માચરણના માર્ગે વાળો અને તમને ખાતરી થશે કે તમે સુજ્ઞ, શાણા અને કાબેલ છો.'

કિંકરદાસે પોતાનું મસ્તક નિર્ગ્રંથ મહર્ષિના ચરણમાં મૂકયું અને તે ગદ્ગદ્ કંઠે બોલ્યો કે 'ભગવંત! આજ મારી આંખો પરથી અજ્ઞાનનાં પડળો ઉખડી ગયાં! આજ મારાં

ચક્ષુઓએ મારી સાચી જાતનાં દર્શન કર્યાં. ખરેખર ! હું ધન્ય છું, હું કૃતપુણ્ય છું કે તમારા જેવા ગુરુરાજનો મને સંયોગ થયો. ઓ મારા તારણહાર ! હવે મને માર્ગ દેખાડો કે મારે ધર્માચરણ કેવી રીતે કરવું ?'

નિર્ગ્રંથ મહર્ષિએ કહ્યું: "મહાનુભાવ ! તમારા જેવા મુમુક્ષુઓને માર્ગ બતાવવો એ અમારું પરમ કર્તવ્ય છે, એટલું જ નહિ પણ તે કાર્ય બજાવતાં અમને ખૂબ ખૂબ આનંદ આવે છે. અને ખરું પૂછો તો આ કાર્ય અમે ઉપકાર બુદ્ધિથી કરતા નથી પણ અમારા પોતાના આત્મસંતોષ ખાતર જ કરીએ છીએ. હવે આપણે મૂળ મુદ્દા પર આવીએ. શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

**" पूज्यपूजा दया दानं, तीर्थयात्रा जपस्तपः ।**
**श्रुतं परोपकारश्च, मर्त्यजन्मफलाष्टकम् ॥ "**

મનુષ્ય જન્મનું ફલ આઠ બાબતોથી મળે છે.

( ૧ ) **પૂજ્યપૂજા** એટલે મુખ્યતયા પૂજનીય રાગ-દ્વેષરહિત શ્રી વીતરાગ પ્રભુની પૂજા, કંચન કામિનીના ત્યાગી ચારિત્રપાત્ર ગુરુની પૂજા તથા વડીલો પ્રત્યે પરમ આદરભાવ. એ બાબતમાં તમારે આજથી પ્રવૃત્તિ કરવી. આ નગરમાં સુંદર આલિશાન મંદિરો છે અને તેમાં દેવાધિદેવની પરમ મંગલમય મૂર્તિઓ બિરાજે છે, એનાં તમારે નિત્ય દર્શન કરવાં અને સેવાપૂજા કરવી અને વીતરાગ ભાવના કેળવવી. આ નગરમાં સુંદર પૌષધશાળાઓ અને ઉપાશ્રયો છે. ત્યાં અવારનવાર ઉત્તમ સાધુસંતો આવે છે. તેમની પાસે જતાં રહેવું અને તેમને યોગ્ય વંદન કરીને તથા તેમનો ઉચિત વિનય જાળવીને

તેમની હરેક પ્રકારે સેવા–શુશ્રૂષા કરવી. તેમનો કલ્યાણકર ઉપદેશ સાંભળવો, મનના જે સંશયો હોય તે ટાળવા, અને ત્યાગભાવના કેળવવા પ્રયત્નશીલ રહેવું. વળી તમારા માતા–પિતા કે મુરબ્બી જે કોઇ હયાત હોય તેમના પ્રત્યે પરમ આદર રાખવો.

( ૨ ) **દયા** એટલે કરુણા કે અનુકંપા. તમારે કોઇ પણ પ્રાણીનો વધ કરવો નહિ. ખાસ કરીને કોઈ હાલતા–ચાલતા પ્રાણી–પશુઓનો વધ કદી ન કરવો, પોતાના સુખને ખાતર અન્ય પ્રાણીઓને મારવાની બુદ્ધિ રહેલી છે ત્યાં સુધી સાચી દયા ઉત્પન્ન થતી નથી, માટે અંતરથી તો કોઇનું ય જરા પણ અહિત કરવાની કે નુકશાન કરવાની ભાવના રાખવી નહિ. કારણ પ્રસંગે સૂક્ષ્મ હિંસાનો પ્રસંગ આવે ત્યાં પણ બને તેટલી યતના–જયણા કરવી.

( ૩ ) **દાન** એટલે પોતાની વસ્તુ હિતબુદ્ધિથી બીજાને આપવી. તમે શ્રીમંત નથી અને તમારી પાસે દાન આપવા માટે પુષ્કળ ધન નથી માટે દાન કેમ આપી શકો ? એ વાત મનમાંથી કાઢી નાખો. તમારી પાસે જે કાંઈ હોય તેમાંથી થોડું પણ બીજાને હિતબુદ્ધિથી આપો એટલે તમે દાનના માર્ગે છો એમ સમજવાનું છે. વધારે નહિ તો બટકું રોટલો પણ ગરીબ ગરબાને આપો. વિશેષ નહિ તો આફતમાં સપડાયેલાઓને જાતમહેનતથી મદદ કરો અને ઘેર કોઇ સાધુ–સંત આવે તેમને સુપાત્ર બુદ્ધિથી ખૂબ ઉલ્લસિત ભાવવડે ભિક્ષા આપવાની ભાવના રાખો.

( ૪ ) **તીર્થયાત્રા** એટલે તીર્થની યાત્રા. જેનાવડે તરાય તે તીર્થ કહેવાય. આવાં સ્થાનોએ વધારે ન બને તો વરસમાં

એક વખત પણ જાઓ અને બે ચાર દિવસ રોકાઈને ત્યાંના પવિત્ર વાતાવરણનો લાભ લ્યો. આ પવિત્ર ભૂમિમાં કોઈ પણ ભાગ એવો નથી કે જ્યાં એકાદું તીર્થ પાંચ પચીશ ગાઉના ગાળામાં આવેલું ન હોય. કદાચ એ તીર્થ બહું મોટું નહિ હોય તો પણ ત્યાંના સ્થાનિક સંયોગો મુજબ તે હજારો અને લાખો મનુષ્યને પુણ્યજીવનની પ્રેરણા કરતું હશે.

(૫) **જપ** એટલે રટણ. તમારે હંમેશા પ્રાતઃકાળમાં ઊઠીને પંચ પરમેષ્ઠિને નમસ્કારરૂપ પરમ પવિત્ર નમસ્કાર ×મંત્રનો ૧૦૮ વાર જાપ કરવો. એટલો ન બની શકે તો પછી યથાશક્તિ કરવો, પણ કરવો અવશ્ય. એ મહામંગલકારી મંત્રના જાપથી અષ્ટસિદ્ધિ અને નવનિધિની પ્રાપ્તિ થાય છે અને જીવનના સકળ મનોરથો સરળતાથી પૂરા થાય છે. આધ્યાત્મિક વિકાસક્રમમાં પણ તેનું સ્થાન અનેરું છે. એટલે તેના નિરંતર જાપથી ધર્માચરણમાં તમારી પ્રગતિ શીઘ્ર થશે.

(૬) **તપ** એટલે નાનો મોટો કોઈ પણ જાતનો ત્યાગ. પર્વતિથિ હોય ત્યારે અવશ્ય ઉપવાસ કરવો. તે ન બને તો એકાસણુ કે આયંબિલ કરવું અને તે પણ ન બને તો છેવટે બેઆસણું કે રસત્યાગ પણ કરવો. વળી હમેશાં ભૂખ કરતાં કાંઈક ઓછું જમવું, બહુ સ્વાદિયા થવું નહિ અને વિકાર ઉત્પન્ન થાય તેવા તામસિક પદાર્થો વાપરવા નહિ. રોજ સવાર-

---

× नमो अरिहंताणं । नमो सिद्धाणं । नमो आयरियाणं । नमो उवज्झायाणं । नमो लोए सव्वसाहूणं ॥

एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥

માં ઉઠીને પોરિસી* કે નવકારસી+ ધારવી અને ગુરુને વંદન કરવા જતી વખતે તેનું પ્રત્યાખ્યાન કરવું એટલે કે તે અંગેની પ્રતિજ્ઞા ધારણ કરવી. રાત્રે ન જમવું એવી પ્રતિજ્ઞા પણ એક જાતનું તપ જ છે, કારણ કે તેનાથી ચોવીસ કલાક પૈકીના બાર કલાક સુધીમાં આહારનો ત્યાગ થાય છે.

(૭) **શ્રુત** એટલે શાસ્ત્ર. હમેશાં થોડો વખત શાસ્ત્રનો અભ્યાસ કરવો. તેનાથી ઘણું નવું જાણી શકાય છે અને મનની વૃત્તિઓ સુધરતી રહે છે. કહ્યું છે કે જ્ઞાન એ ત્રીજું લોચન છે, બીજો સૂર્ય છે, ન હરી શકાય તેવું ધન છે, સુવર્ણ વિનાનું આભૂષણ છે. ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય તેમ થોડો થોડો અભ્યાસ કરતાં છેવટે જ્ઞાની બની શકાય છે. આ અવસ્થામાં કેમ અભ્યાસ કરી શકાય તેવો ખ્યાલ કદી પણ કરવો નહિ, કારણ કે ધર્માચરણ કરવા માટે અને જ્ઞાન મેળવવા માટે કોઈ પણ અવસ્થા કે ઉંમર બાધક નથી. ' ઊઠ્યા ત્યાંથી સવાર 'ના ન્યાયે એ દિશામાં પ્રયત્ન શરૂ કરી દેવો. મોટી ઉંમરે જ્ઞાનાભ્યાસ શરૂ કરીને પણ મનુષ્યો મહાવિદ્વાન થયેલા છે. મહાન તાર્કિક શ્રી સિદ્ધસેન દિવાકરના ગુરુ ' શ્રી વૃદ્ધવાદી ' એ જ રીતે મહાવિદ્વાન થયા હતા.

(૮) **પરોપકાર** નાનું મોટું કોઇ પણ પરોપકારનું કાર્ય

* પહોર દિવસ ચડે ત્યાંસુધી કોઇ પણ પ્રકારનું ખાનપાન ન વાપરવાનો નિયમ.

+ સૂર્યોદયથી બે ઘડી સુધી કોઇ પણ પ્રકારનું ખાનપાન ન વાપરવાનો નિયમ. એ નિયમ પૂરો થયે નમસ્કાર મંત્રની ગણના કર્યા પછી દાતણપાણી કરી શકાય.

કરવું. હાથી હાથીના જેવું કરે અને કીડી કીડીના જેવું કરે, પણ જે મનુષ્યો નિરંતર કોઇ ને કોઈ જાતનો પરોપકાર કરતા રહે છે તેમનું જીવન ધન્ય છે. આ પરોપકારના પ્રકારો અનેક છે પણ તે બધાનો સાર એક જ છે કે–બીજાને ઉપયોગી થવાની વૃત્તિ રાખવી પણ માત્ર એકલપેટા કે હીનસ્વાર્થી થવું નહિ.

ધાર્મિક જીવનની ઉચ્ચ કક્ષાએ પહોંચવાની આ સામાન્ય ભૂમિકા છે અને તેને અનુસરવાથી તમે ક્રમશઃ ધર્માચરણમાં આગળ વધી શકશો."

નિર્ગ્રંથ મહર્ષિના આ માર્ગદર્શનથી કિંકરદાસના મનનું સમાધાન થયું. તેને હવે લાગવા માંડયું કે પોતે ધર્માચરણ જરૂર કરી શકે તેમ છે અને તે સરલતાથી કરી શકે તેમ છે. એટલે તેણે નિર્ગ્રંથ મહર્ષિ આગળ એ આઠે બાબતોને જીવનમાં યથાશક્તિ ઉતારવાની પ્રતિજ્ઞા લીધી.

નિર્ગ્રંથ મહર્ષિએ કહ્યું: ' કિંકરદાસ ! હજી એક બાબતનો ખુલાસો કરવો રહી જાય છે. તમે મને દુઃખમાંથી છૂટવાનો ઉપાય પૂછ્યો ત્યારે તમારા મનમાં આર્થિક દુઃખમાંથી છૂટવાની કલ્પના હતી અને તે મારા ધ્યાનમાં જ હતી; પણ સંસારનાં અન્ય દુઃખોના પ્રમાણમાં આર્થિક દુઃખ એ બહુ મોટું દુઃખ નથી. તમે જન્મ દુઃખનો વિચાર કરો, જરા દુઃખનો વિચાર કરો અને મરણ દુઃખનો વિચાર કરો તો એ ખ્યાલ બરાબર આવી જશે. એટલે મેં પાંદડાંને ન પકડતાં થડને પકડયું અને તે જ સાચી રીતિ છે અને એ વાત તમે

લક્ષમાં લેજો કે લક્ષ્મી આવે છે તે પુણ્યના સંયોગથી જ આવે છે. એટલે ધર્મ કરનારને તેનો લાભ સ્વાભાવિક રીતે જ થાય છે. જેમ રાજાનું આગમન થતાં તેના હજુરિયાઓ તો કુદરતી રીતે જ આવી પહોંચે છે તેમ ધર્માચરણની શરૂઆત થતાં લક્ષ્મી એની મેળે આવવા માંડે છે. તેથી જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે:—

" धनदो धनमिच्छूनां, कामदः काममिच्छताम् ।
धर्म एवापवर्गस्य, पारम्पर्येण साधकः ॥ "

ધર્મ એ જ ધનના અર્થીને ધન આપનારો છે, કામના ઈચ્છુકને કામ આપનારો છે અને પરંપરાથી મોક્ષનો પણ સાધક છે.

માટે આજથી તમે ધર્માચરણની શરૂઆત કરી દો અને તમારાં સઘળાં દુઃખો દૂર થઈ જશે.

નિર્ગ્રંથ મહર્ષિના સત્સંગથી કિંકરદાસનો કાયાપલટો થઈ ગયો. કહેવાની જરૂર ભાગ્યેજ છે કે થોડા વખતમાં તે સંતોષી, સુખી અને ધાર્મિક બનીને મનુષ્ય જીવનની સાર્થકતા કરવા માટે શક્તિમાન થયો.

સહૃદય પાઠક એ વાતનો સ્વીકાર જરૂર કરશે કે આપણી હાલત, આપણી મનોદશા પણ કિંકરદાસ જેવી જ છે અને તેથી જે સાધનોવડે તેણે પોતાની કાયાનો પલટો કર્યો, પોતાના જીવનને સુધારી લીધું તે જ સાધનોવડે આપણી કાયાનો પલટો કરવાની જરૂર છે, આપણા જીવનને સુધારી લેવાની આવશ્યકતા છે.

સત્સાધનોની પ્રાપ્તિ એ માનવજીવનને સાર્થક કરવાની ત્રીજી મહાન્ તક છે, તેથી તેનો બને તેટલો સદુપયોગ કરી લેનારાઓ સુફી અને શાણા છે, કુશલ અને કાબેલ છે તથા અનુભવીઓમાં અગ્રેસર છે. બીજી રીતે કહીએ તો જે મનુષ્યો ઉત્તમ કુળમાં જન્મવા છતાં, પાંચે ઇંદ્રિયોનું સંપૂર્ણપણું પામવા છતાં, નિરોગી છતાં, દીર્ઘાયુષી છતાં, સદ્‌ગુણનો યોગ મળવા છતાં, સત્શાસ્ત્રોને સાંભળવાની તક સાંપડ્યા છતાં અને તેમાં જણાવેલા સિદ્ધાંતો બરાબર છે એમ સમજ્યા છતાં ધર્મનું આચરણ કરતા નથી, તે ખરેખર મૂઢ અને મૂર્ખ છે કે જે હાથમાં આવેલી બાજી હાથે કરીને હારી જાય છે.

મનુષ્યભવ, આર્યદેશમાં જન્મ અને સત્સાધનોની પ્રાપ્તિ એ **ત્રણ મહાન્ તકો**નો યથાર્થ ઉપયોગ કરનાર સાચો મનુષ્ય છે, સાચો આર્ય છે અને ખરેખરો સત્પુરુષ છે.

**મંગલમય ધર્મ સહુનું કલ્યાણ કરો.**

ઇતિશમ્.

# એક અણમોલ તક

**માનવજીવનના મહાપ્રશ્નોનો આબાદ ઉકેલ કરતી,**
**જગત્ અને જીવનને જોવાની સાચી દૃષ્ટિ રજૂ કરતી,**
**સુખ, શાંતિ અને સામર્થ્યપ્રાપ્તિનો સાચો રાહ બતાવતી,**
**જૈનધર્મની પરમપવિત્ર વિચારધારાઓને**

## 'ધર્મબોધ-ગ્રંથમાળા'

નવીન ઢંગે, નૂતન રૂપે, સુંદર શૈલીમાં, રોચક ભાષામાં તમારી સમક્ષ રજૂ થાય છે.

૧ આ ગ્રંથમાળા સિદ્ધહસ્ત લેખકોના હાથે, પરમપૂજ્ય ઉપાધ્યાય શ્રી 'ધર્મવિજયજી મહારાજ' તથા 'મુનિશ્રી યશોવિજયજી મહારાજ' વગેરેની સીધી રાહબરી નીચે તૈયાર થાય છે.

૨ ક્રાઉન સોળ પેજી ૮૦ પાનાં. સુંદર ટાઈપ, સારા કાગળ અને સુઘડ પુંઠાઓમાં તેનું દરેક પુસ્તક તૈયાર થશે.

૩ આ ગ્રંથમાળામાં હાલ નીચેના ૨૦ પુસ્તકો પ્રગટ થશે ને સવાથી દોઢ વર્ષના ગાળામાં પાંચ પાંચના ચાર ગુચ્છમાં બહાર પડશે.

૪ દરેક પુસ્તકની છૂટક કિંમત દસ આના રહેશે, જ્યારે પૂરા સેટની કિંમત અગિયાર રૂપિયા રહેશે.

### પુસ્તકોનાં નામ

૧ ત્રણ મહાન તકો
૨ સફળતાની સીડી [ પુરુષાર્થ ]
૩ સાચું અને ખોટું [ સ્યાદ્વાદ ]
૪ આદર્શ દેવ [ સુદેવ ]
૫ ગુરુદર્શન [ સુગુરુ ]
૬ ધર્મામૃત [ સુધર્મ ]
૭ શ્રદ્ધા અને શક્તિ
૮ જ્ઞાનોપાસના
૯ ચારિત્ર વિચાર
૧૦ દેતાં શીખો [ દાન ]
૧૧ શીલ અને સૌભાગ્ય [ શીલ ]
૧૨ તપનાં તેજ [ તપ ]
૧૩ ભાવનાસૃષ્ટિ [ ભાવ ]
૧૪ પાપનો પ્રવાહ [૧૮ પાપસ્થાનક]
૧૫ બે ઘડી યોગ [ સામાયિક ]
૧૬ મનનુ મારણ [ ધ્યાન ]
૧૭ પ્રાર્થના અને પૂજા [ આવશ્યક ક્રિયા ]
૧૮ ભક્ષ્યાભક્ષ્ય
૧૯ જીવનવ્યવહાર
૨૦ દિનચર્યા

**આ ગ્રંથમાળાનું લવાજમ નીચેનાં ઠેકાણે ભરી શકાશે,**

( ૧ ) **શા. લાલચંદ નંદલાલ,** ઠે. રાવપુરા, ઘી કાંટા, વડફળીઆ-વડોદરા.

( ૨ ) **મેઘરાજ જૈન પુસ્તક ભંડાર,** ઠે. ગુલાલવાડી, કીકા સ્ટ્રીટ, ગોડીજીની ચાલ નં. ૧ મુંબઈ.

( ૩ ) **સરસ્વતી પુસ્તક ભંડાર,** ઠે. તનપોળ, હાથીખાના-અમદાવાદ.

**તા. ક:**-દરેક જૈન કુટુંબમાં આ પુસ્તકો હોવાં જ જોઈએ. અન્ય ધર્મીઓને જૈન ધર્મના સિદ્ધાંતોથી વાકેફ થવા માટે પણ આ પુસ્તકો અતિ ઉપયોગી હશે.